RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 106* Date: 05.02.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### અદાણીના સમર્થનમાં ઉતર્યો સંઘ

# ભારતની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડવાનું કાવતરૂ




નવીદિલ્હી,તા.૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મુશ્કેલીમાં મુકાયેલા અદાણી જૂથના બચાવમાં આવ્યો છે. સંઘના મુખપત્ર ઓર્ગેનાઈઝરે એક લેખમાં કહ્યું કે આ ભારત વિરોધી કાવતરૂ છે. જ્યોર્જ સોરોસે બેંક ઓફ ઈંગ્લેન્ડ અને બેંક ઓફ થાઈલેન્ડ પર જે કર્યું અને તેમને બરબાદ કરી નાખ્યા તેના જેવું જ છે. શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બાદ, ભારતીયોની એક લોબીએ અદાણી વિરુદ્ધ નકારાત્મક વલણ બનાવ્યું હતું. આ લોબીમાં ડાબેરી વિચારધારા સાથે સંકળાયેલી દેશની કેટલીક પ્રખ્યાત પ્રચાર વેબસાઈટ્સ અને અગ્રણી ડાબેરી નેતાની પત્રકાર પત્નીનો સમાવેશ થાય છે.

ઓર્ગેનાઈઝરે લખ્યું કે અદાણી જૂથ પરનો આ હુમલો વાસ્તવમાં હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ પછી ૨૫ જાન્યુઆરીએ શરૂ થયો ન હતો પરંતુ તેની શરૂઆત વર્ષ ૨૦૧૬-૧૭માં ઓસ્ટ્રેલિયામાં થઈ હતી. ઓસ્ટ્રેલિયન એનજીઓએ ગૌતમ અદાણીને બદનામ કરવા માટે એક વેબસાઈટ શરૂ કરી હતી. બોબ બ્રાઉન ફાઉન્ડેશન, એક ઈકો-ફ્રેન્ડલી એનજીઓ અદાણીવોચ ડોટ ઓઆરજી નામની વેબસાઇટ ચલાવે છે.ઓસ્ટ્રેલિયામાં અદાણીના કોલસાની ખાણ પ્રોજેક્ટના વિરોધ સાથે તેની શરૂઆત થઈ હતી પરંતુ તે ત્યાં સમાપ્ત થઈ નથી. હવે આ વેબસાઈટ અદાણી સાથે સંબંધિત કોઈપણ કાર્ય અથવા પ્રોજેક્ટ વિશે દૂર-દૂર સુધી પ્રકાશિત કરે છે. આ એનજીઓનો એકમાત્ર ઉદ્દેશ્ય અદાણીની બ્રાન્ડ ઈમેજને નુકસાન પહોંચાડવાનો છે. તેના પ્રચાર લેખો ભારતીય રાજકારણ, અભિવ્યક્તિની સ્વતંત્રતા વગેરેમાં પણ ઘૂસણખોરી કરે છે.અદાણીએ તાજેતરમાં એનડીટીવીમાં હિસ્સો ખરીદ્યા બાદ વરિષ્ઠ પત્રકાર રવીશ કુમારે ન્યૂઝ ચેનલ છોડવાનો પણ આયોજકે ઉલ્લેખ કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે પર્યાવરણવાદી એનજીઓ બીબીસીની ડોક્યુમેન્ટરીને સમર્થન આપતી ટ્વિટ શા માટે કરશે? આખરે તેનો વાસ્તવિક હેતુ શું છે? બીબીએફ વિપક્ષ પર નરમ પડે છે. તેઓ કોંગ્રેસ અથવા તૃણમૂલ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં અદાણીના પ્રોજેક્ટ્સને નિશાન બનાવતા નથી. તેઓ રાહુલ ગાંધીના વિરોધના નિવેદન સાથે સહમત છે. વાર્તા એવી છે કે અદાણી મોદી સમર્થકની છબી ખરડવા માટે આ રાજ્યો તરફ વળ્યા છે.

ઓર્ગેનાઈઝરે લખ્યું કે અદાણી જૂથને ૨૦૧૦માં ઓસ્ટ્રેલિયામાં કારમાઈકલ કોલસાની ખાણ માટે પ્રોજેક્ટ મળ્યો હતો. ૨૦૧૭માં ૩૫૦ ડોટ ઓઆરજી એનજીઓની આગેવાની હેઠળની કેટલીક એનજીઓએ અદાણીનો વિરોધ કરવાનું શરૂ કર્યું. તેઓ આ પ્રોજેક્ટને રોકવા માટે હેશટેગ સ્ટોપ અદાણી ગ્રુપ બનાવે છે. તેમને ભંડોળ પૂરું પાડવામાં આવે છે. આ એનજીઓએ તેના દાતાઓ જાહેર કર્યા નથી. જો કે, તેણે સાન ફ્રાન્સિસ્કોના ટાઈડ્સ ફાઉન્ડેશન પાસેથી ભંડોળ મેળવ્યાનું સ્વીકાર્યું. જ્યોર્જ સોરોસ અને ટોમ સ્ટેયરે પણ આ એનજીઓમાં ઘણું યોગદાન આપ્યું છે. ટાઈડ્સ ફાઉન્ડેશનના ફંડર્સમાં સોરોસ, ફોર્ડ ફાઉન્ડેશન, રોકફેલર, ઓમિદ્યાર અને બિલ ગેટ્સનું નામ પણ સામેલ છે. આમાંના મોટાભાગના દાતાઓ ડાબેરી ઝુકાવ ધરાવતા એનજીઓને ફંડ આપે છે.નેશનલ ફાઉન્ડેશન ફોર ઈન્ડિયા, એક ભારતીય એનજીઓએ પણ સોરોસ, ફોર્ડ ફાઉન્ડેશન, રોકફેલર, ઓમિદ્યાર, બિલ ગેટ્સ અને અઝીમ પ્રેમજી પાસેથી ભંડોળ મેળવ્યું હતું, એમ આયોજકે લખ્યું હતું. અઝીમ પ્રેમજીએ એનજીઓ આઈપીએસએમએફ શરૂ કર્યું જે ડાબેરી વિચારધારા સાથે સંકળાયેલી ભારતની કેટલીક પ્રખ્યાત પ્રચાર વેબસાઈટ્સને ભંડોળ પૂરું પાડે છે.દરમિયાન દેશની સૌથી મોટી નાણાસંસ્થા એવી જીવન વીમા નિગમ (એલઆઈસી)એ અદાણી જૂથની વિવિધ કંપનીઓના શેરમાં લાંબા સમયથી રોકાણ કરેલું છે. ગત સપ્તાહે જયારે અદાણી જૂથના શેરના ભાવમાં ઘટાડો થયો ત્યારે નિગમે સ્પસ્ટતા કરી હતી કે અમારું રોકાણ, કુલ રોકાણ સામે ઘણું ઓછું છે અને હજુ રોકાણની પડતર સામે નફો થઈ રહ્યો છે. જોકે, આ પછીના ત્રણ સત્રમાં પણ અદાણી જૂથના શેરમાં ઘટાડો ચાલુ રહ્યો હોવાથી હવે એલઆઈસીને પણ ખોટ થઈ રહી છે. બજારના સુત્રોએ જણાવ્યા અનુસાર પાછલા વર્ષો દરમિયાન એલઆઈસીએ કરેલી શેરની ખરીદી, તેના સરેરાશ પડતર ભાવ સામે આજે બંધ ભાવે નિગમને શેરના પોર્ટફોલિયોમાં હવે રૂ.૧૪,૪૧૯ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. અદાણી જૂથની કંપનીઓમાં (એસીસી અને અંબુજા સિમેન્ટ સિવાય) એલઆઈસી અલગ અલગ સમયે, તબક્કાવાર જે રોકાણ કર્યું તેનું મુલ્ય રૂ.૫૧,૩૨૧ કરોડ જેટલુ આંકવામાં આવે છે. આ રોકાણની પડતર સામે શુકવારે બજાર બંધ રહી ત્યારે તેનું વર્તમાન મુલ્ય રૂ.૩૬,૯૦૨ કરોડ થઈ ગયું છે એટલે રોકાણ સામે હવે એલઆઈસીને ખોટ જઇ રહી છે અને તેના કારણે પોલીસી ધારકોનું વળતર ઘટે અથવા તો તેમાં નુકસાન થાય એવી શક્યતા છે.

## કોલ્ડવેવથી હવે રાહત મળશે, તમિલનાડુમાં વરસાદના લીધે સ્કૂલો-કોલેજો બંધ

### ફેબ્રુઆરીમાં ઉત્તર ભારતમાં મોટાભાગે લઘુત્તમ તાપમાન સામાન્ય રહેવાની આશા છે

નવીદિલ્હી,તા.૪

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ચિમ ભારતમાં હવે ઠંડી ઘટવાની સંભાવના છે. દિલ્લી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં લોકોને ફેબ્રુઆરી મહિનામાં કોલ્ડવેવથી રાહત મળવાના અણસાર છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીમાં ઉત્તર ભારતમાં મોટાભાગે લઘુત્તમ તાપમાન સામાન્ય રહેવાની આશા છે. જો કે અમુક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહી શકે છે. આઈએમડીએ ઘણા રાજ્યોમાં વરસાદ માટે એલર્ટ જાહેર કર્યુ છે. શનિવારે(૪ ફેબ્રુઆરી) તમિલનાડુના તંજાવુર જિલ્લામાં ભારે વરસાદના કારણે સ્કૂલો અને કૉલેજો બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. લઘુત્તમ તાપમાન સામાન્ય રહેશે લઘુત્તમ તાપમાન સામાન્ય રહેશે ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીમાં ઉત્તર-પશ્ચિમ ભારતના મોટાભાગના સ્થળોએ સામાન્ય લઘુત્તમ તાપમાન જોવા મળશે.

દક્ષિણ રાજસ્થાન, ઉત્તરાખંડ અને લદ્દાખના ભાગોમાં સામાન્ય કરતાં વધુ ઠંડી પડી શકે છે. પંજાબ અને યુપીના ઘણા ભાગોમાં રાત્રિનુ તાપમાન સામાન્ય કરતા વધુ ઘટી શકે છે. પૂર્વોત્તર, બંગાળ અને કોંકણના દરિયાકાંઠાના ઘણા ભાગો અને બિહાર, ઝારખંડ અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઘણુ વધારે હોઈ શકે છે.

દિલ્લી-એનસીઆરમાં આગામી થોડા દિવસોમાં તાપમાન વધશે અને ઓછામાં ઓછા એક અઠવાડિયા સુધી દિલ્લીમાં વરસાદની અપેક્ષા નથી. હવામાન વિભાગે જણાવ્યુ કે પશ્ચિમી વિક્ષેપ અન્ય સ્થળોને પણ અસર કરે છે, તેથી આગામી બે-ત્રણ દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં તાપમાન વધી શકે છે. ખાસ કરીને દિલ્લી-એનસીઆરમાં આગામી બે-ત્રણ દિવસમાં તાપમાનમાં ૯-૧૦ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે. સવારે તાપમાન લગભગ ૯-૧૦ ડિગ્રી અને સાંજે ૨૪-૨૫ ડિગ્રીની આસપાસ રહી શકે છે. આ સ્થિતિ હજુ ૨-૪ દિવસ ચાલુ રહેવાની ધારણા છે. આ દરમિયાન મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમી વિક્ષેપ હિમાલયન ક્ષેત્રને અસર કરી રહ્યુ છે, જેના કારણે આગામી બે દિવસ દરમિયાન હિમાલય પ્રદેશ, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરમાં થોડો હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આગામી ૨૪ કલાક દરમિયાન ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

## રાજયસભામાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની બેઠક અંતિમ હરોળમાં કરવામાં આવી

નવીદિલ્હી,તા.૪

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને લઇ એક એવા અહેવાલો સામે આવી રહ્યાં છે જે ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. તેઓ હવે રાજયસભાની પહેલી હરોળની બેઠકની જગ્યાએ અંતિમ હરોળની એક સીટ પર બેઠેલા નજરે આવી પડી રહ્યાં છે કોંગ્રેસ પાર્ટીના સુત્રોએ આ સંબંધમાં માહિતી આપી છે અને કહ્યું છે કે આ પગલુ વ્હીલચેયર દ્વારા સિંહ (ઉવ.૯૦)ની ઉચ્ચ ગૃહમાં અવરજવરને સુગમ બનાવવા માટે ઉઠાવવામાં આવ્યું છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમ અને દિગ્વિજયસિંહ હવે પાર્ટી દ્વારા તેમને ફરીથી ફાળવવામાં આવેલ બેઠક બાદ પહેલી હરોળની બેઠકો પર બેસશે.કોંગ્રેસે આ સત્રમાં બેઠકોની ફરી ફાળવણી કરી છે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની બેઠકને લઇ જયારે અહેવાલો આવ્યા તો લોકોએ એ જાણવા માટે ઇચ્છુકતા દર્શાવી કે આમ કેમ કરવામાં આવ્યું પાર્ટીના સુત્રોએ જણાવ્યું હતું કે પૂર્વ વડાપ્રધાન સિંહને તેમની સુવિધા માટે અંતિમ હરોળની બેઠક ફાળવવામાં આવી છે કારણ કે તેઓ હવે વ્હીલચેયર પર છે.

સુત્રોના જણાવ્યા અનુસાર રાજયસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે ગૃહના ઉપસભાપતિ હરિવંશની બાજુમાં પહેલી હરોળમાં પોતાની બેઠક પર બની રહેશે વિરોધ પક્ષ તરફથી પહેલી હરોળમાં રહેનારા અન્ય નેતાઓમાં પૂર્વ વડાપ્રધાન એચ ડી દેવગૌડા,સંજયસિંહ આપ,પ્રેમચંદ્ર ગુપ્રા રાજદ,ડેરેક ઓ બ્રાયન ટીએમસી, કે કેશવરાવ બીઆરએસ અને તિરૂચિ શિવા ડીએમકે સામેલ છે સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપે અંતિમ હરોળમાં બેઠકોની વ્યવસ્થામાં પણ કેટલોક ફેરફાર કર્યા છે જયારે પહેલી હરોળમાં બેસનારાઓ માટે કોઇ પરિવર્તન કર્યુ નથી.

## ભાજપના વિજય રથને રોકવા માટે સીપીએમ અને કોંગ્રેસ સાથે આવ્યા

નવીદિલ્હી,તા.૪

ત્રિપુરા મેધાલય અને નાગાલેન્ડમાં ચુંટણીની તારીખોની જાહેરાત કરવાની સાથે જ ત્યાંની રાજનીતિક જમીન ગરમ થઇ ગઇ છે.આ ત્રણેય રાજયોમાં જયાં ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરીએ ચુંટણી થનાર છે જયારે મેધાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ ચુંટણી થનાર છે.ત્રણેય રાજયોમાં એક સાથે બે માર્ચ મતગણતરી થશે જયારે જો ત્રિપુરાની વાત કરીએ તો ત્યાં ગત ચુંટણીમાં ભાજપને એતિહાસિક જીત હાંસલ કરી હતી પરંતુ શું આ વખતે પણ ભાજપ આવું જ પ્રદર્શન કરશે તે તો સમય જ બતાવશે

ત્રિપુરાની ૬૦ વિધાનસભાનો કાર્યકાળ ૧૫ માર્ચે સમાપ્ત થઇ જશે ત્રિપુરાની સત્તા પર કાબેલ ભાજપ શું બીજીવાર સારૂ પ્રદર્શન દોહરાવશે કે નહીં વર્ષ ૨૦૧૮માં ત્રિપુરાની ૬૦ બેઠકોમાંથી ૫૯ બેઠકો પર થઇ હતી ચારીલામ બેઠકથી સીપીએમ ઉમેદવારનું નિધનના કારણે આ બેઠક પર ચુંટણી થઇ શકી ન હતી આ ચુંટણીમાં ભાજપે ૩૫ બેઠકો પર જીત હાંસલ કરી હતી જયારે સીપીએમ ફકત ૧૬ બેઠકો પર જ સમેટાઇ ગઇ ભાજપના સાથી આઇપીએફટીએ ૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી.

ત્રિપુરા જેવા રાજયમાં જયાં કયારેય ભાજપની એક પણ બેઠક ન હતી ત્યાં તેણે લાંબા સમયથી સત્તા પર કાબેલ સીપીએમને ઉખાડી ફેંકી પરંતુ આ વખતે સમીકરણ કંઇક અલગ જ બની રહી છે મુખ્ય વિરોધ પક્ષ સીપીએમ ભાજપના વિજયને રોકવા માટે આ વખતે કોંગ્રેસની સાથે ગઠબંધન કરી મેદાનમાં ઉતરી છે.જો કે વિરોધ પક્ષ એકતાને મમતા બેનર્જીની ટીએમસીના એકલા હાથે ચુંટણી લડવાના નિર્ણયથી નુકસાન જરૂર પહોંચશે પરંતુ આ કેટલું યોગ્ય સાબિત થશે તે ચુંટણીના પરિણામ બતાવશે રાજય વિધાનસભામાં વર્તમાનમાં સભ્યોની સંખ્યા ૫૩ છે જયારે સાત બેઠકો ખાલી છે જેમાં ભાજપ ૩૩.આઇપીએફટીના ચાર,મારક્કસવાદીના ૧૫ અને કોંગ્રેસો એક સભ્ય સામેલ છે.

૨૦૧૪માં કેન્દ્રની સત્તા પર કાબેલ થયા બાદ ભાજપે ભારતીય રાજનીતિમાં અનેક નવી શોધ કરી ભાજપે રાજનીતિમાં રાજીનામા આપવાની પરંપરાને બિલકુલ ખત્મ કરી દીધુ પછી ભલે કેન્દ્ર હોય કે રાજય ગત આઠ વર્ષોમાં ભાજપ જયાં પણ સત્તા પર કાબેલ રહી ત્યાં ઓછામાં ઓછી રાજનીતિક રાજીનામા જોવા મળ્યા આવામાં ચુંટણીની બરોબર દોઢ વર્ષ પૂર્વ ત્રિપુરામાં વિપ્લવ દેવને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી કોંગ્રેસથી ભાજપમાં સામેલ થયેલ માણિક સાહાને મુખ્યમંત્રી બનાવાયા હવે જોવાનું રસપ્રદ બની રહેશે કે શું આ નિર્ણય આવનારા ચુંટણીના પરિણામ પર અસર પાડશે.

## કેરલમાં શરાબ અને પેટ્રોલ ડીઝલ પર સામાજિક સુરક્ષા સેસ

કોચ્ચી,તા.૪

રોકડના સંકટનો સામનો કરી રહેલ કેરલ સરકારે વિધાનસભામાં પોતાનું બજેટ રજુ કર્યું છે.તેમાં પેટ્રોલ,ડીઝલ અને ભારતમાં નિર્મિત વિદેશી શરાબ પર સામાજિક સુરક્ષા ઉપકર સહિત ૨,૯૫૫ કરોડ રૂપિયાના વધારાના સંસાધન એકત્રિત કરવા માટે કર પ્રસ્તાવોની જાહેરાત કરી છે.

નાણાંમંત્રી કે એન બાલગોપાલ દ્વારા રજુ બજેટ ભાષણ પ્રસ્તાવમાં એક મુખ્ય કર પ્રસ્તાવ પેટ્રોલ ડીઝલના વેચાણ પર બે રૂપિયા પ્રતિ લીટરના દરથી સામાજિક સુરક્ષા ઉપકર હતો નાણાં મંત્રીએ કહ્યું કે સામાન્ય વ્યક્તિને પ્રભાવિત કરનારા સરકારના આ પગલાથી સામાજિક સુરક્ષા કોષમાં ૭૫૦ કરોડ રૂપિયાના વધારાનું મહેસુલ આવવાની આશા છે.

બજેટમાં આઇએમએફએલ પર કર વધારવાનો પ્રસ્તાવ છે.તેના પર પહેલા જ ૨૫૧ ટકા કરી લગાવવામાં આવ્યા છે.આ દેશમાં સૌથી વધુ છે.સરકાર આઇએમએફએલની પ્રત્યેક બોટલ માટે ૨૦ રૂપિયા અથવા ૪૦ રૂપિયાના દરથી સામાજિક સુરક્ષા ઉપકર લગાવી ૪૦૦ કરોડ રૂપિયાની વધારાની મહેસુલ એકત્રિત કરવાની પરિકલ્પના કરી રહી છે.

આગામી વિઝિઝમ આંતરરાષ્ટ્રીય બંદરગાહની આસપાસ ઉભરતી વ્યવસાયિક ક્ષમતાના દોહન કરવા માટે બજેટના કેટલાક મુખ્ય આકર્ષણમાં એકત ૧,૦૦૦ કરોડ રૂપિયાનો ઔદ્યોગિક એકમ છે.

## મણિપુરમાં સવારે ૬ વાગે અનુભવાયા ભૂકંપના આંચકા

ઈમ્ફાલ,તા.૪

મણિપુરમાં શનિવારની સવારે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફૉર સિસ્મોલૉજીના જણાવ્યા મુજબ મણિપુરના ઉખરુલમાં સવારે ૬ વાગીને ૧૪ મિનિટે ભૂકંપ આવ્યો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૦ માપવામાં આવી. ભૂકંપનુ ઉંડાણ ૧૦ કિમી નીચે હતુ. હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.

અગાઉ દિલ્લી-એનસીઆર સહિત ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરાખંડના ઘણા ભાગોમાં ભૂકંપના જોરદાર ઝટકા અનુભવાયા હતા. ઉત્તર પ્રદેશના શામલીમાં શુક્રવારે મોડી રાતે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૨ હતી.

આ પહેલા ૩૧ જાન્યુઆરીએ પણ મણિપુરમાં સવારે ભૂકંપના ઝટકા આવ્યા હતા. એ વખતે તેની તીવ્રતા ૪.૫ માપવામાં આવી હતી.

ભૂકંપની માહિતી આપનાર નેશનલ સેન્ટર ફૉર સિસ્મોલૉજીએ જણાવ્યુ કે મણિપુરનુ કામજોં આ ભૂકંપનુ કેન્દ્ર રહ્યુ. ભૂકંપના આ ઝટકા સવારે ૧૦ વાગીને ૧૯ મિનિટે અનુભવાયા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૫ રહી અને તેનુ ઉંડાણ ૬૭ કિલોમીટર રહ્યુ.

તમને જણાવી દઈએ કે દુનિયામાં માઈક્રો કેટેગરી એટલે કે ૨.૦ની તીવ્રતાવાળા ભૂકંપના ૮૦૦૦ ઝટકા રોજ નોંધવામાં આવે છે.

૨.૦થી ૨.૯ તીવ્રતાવાળા ભૂકંપને માઈનર કેટેગરીમાં રાખવામાં આવે છે. આવા ૧૦૦૦ ભૂકંપ રોજ આવે છે.

નોંધનીય છે કે ધરતીકંપ આવવાનું સૌથી મોટુ કારણ પૃથ્વીની અંદર પ્લેટોનુ અથડામણ છે. ધરતીની અંદરની સાત પ્લેટ સતત ફરતી રહે છે.

જ્યારે આ પ્લેટો ફરતી વખતે અથડાય છે ત્યારે આવી સ્થિતિમાં ભૂકંપના આંચકા અનુભવાય છે.

## કાશ્મીરી પંડિતોને ઘાટીમાં કામ કરવા દબાણ કરાતું હોવાનો રાહુલ ગાંધીનો આરોપ

નવીદિલ્હી,તા.૪

રાહુલ ગાંધી સતત કાશ્મીર અને તેની સાથે જોડાયેલા મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે ત્યારે હવે તેમને ટાર્ગેટ કિલિંગને લઈને પીએમ મોદીને પત્ર લખ્યો છે. પત્રમાં રાહુલ ગાંધીએ મોટો આરોપ લગાવતા દાવો કર્યો છે કે, સરકારી અધિકારીઓ કાશ્મીરી પંડિતોને ખીણમાં કામ કરવા દબાણ કરી રહ્યા છે.પત્રમાં રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારત જોડો યાત્રા દરમિયાન કાશ્મીરી પંડિતોનું પ્રતિનિધિમંડળ મને મળ્યું અને તેમની દુઃખદ સ્થિતિ જણાવી. આતંકવાદીઓ દ્વારા ટાર્ગેટ કિલિંગનો ભોગ બનેલા કાશ્મીરી પંડિતોને કોઈપણ સુરક્ષા ગેરંટી વિના ખીણમાં જવા દબાણ કરવું એ ક્રૂર પગલું છે. આશા છે કે તમે આ બાબતે યોગ્ય પગલાં લેશો. અહીં તમને જણાવી દઈએ કે કાશ્મીર ખીણમાં ઘણા કાશ્મીરી પંડિતોની હત્યા કરાઈ છે.રાહુલ ગાંધીએ આરોપ લગાવતા કહ્યું કે, સરકારી અધિકારીઓ કાશ્મીરી પંડિતોને ઘાટીમાં કામ કરવા માટે મજબૂર કરી રહ્યા છે. વર્તમાન સંજોગોમાં સલામતીની નિશ્ચિત બાંયધરી વિના આ કરી શકાય નહીં. તેમણે આગળ પત્રમાં જણાવ્યુ કે, જ્યાં સુધી સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી સરકાર કાશ્મીરી પંડિત કર્મચારીઓને અન્ય વહીવટી અને જાહેર કાર્યોમાં સામેલ કરી શકે છે.રાહુલ ગાંધીએ પત્રમાં આગળ લખ્યુ કે, જયારે કાશ્મીરી પંડિતો પોતાનાપણાની આશા રાખી રહ્યા છે ત્યારે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા તેમના માટે ભિખારી જેવા શબ્દોનો ઉપયોગ કરી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# પાકિસ્તાનનો પસ્તાવો

*પાકિસ્તાનના રક્ષા મંત્રી હવે આતંકવાદને પોષવાના ખતરાને સારી રીતે સમજી રહ્યા છે. આતંકવાદને સમર્થન આપવાના પોતાના ખતરા છે, જેનો અહેસાસ પાકિસ્તાનને ગત વર્ષોમાં અનેકવાર થયો, પરંતુ તો પણ તેણે બોધપાઠ લેવાનું યોગ્ય ન માન્યું. ડોનના રિપોર્ટ અનુસાર પાકિસ્તાની રક્ષા મંત્રી ખ્વાજા આસિફે સ્પષ્ટપણે માન્યું કે તેમના દેશે આતંકવાદનાં બીજ વાવ્યાં છે. દેખીતું છે કે મંત્રીનું આ નિવેદન રાંડ્યા પછીનું ડહાપણ છે અને તે પેશાવરની એક મસ્જિદમાં થયેલા ભીષણ વિસ્ફોટ બાદ આવ્યું છે, જેમાં ૯૭થી વધુ પોલીસકર્મીઓ સહિત ૧૦૦ લોકોનાં મોત થઈ ગયાં અને ૩૦થી વધારે ઘાયલ થયા છે. ઉલ્લેખનીય વાત છે કે આ મસ્જિદ પેશાવર સ્થિત પોલીસ લાઈનમાં આવેલી છે, જ્યાં સોમવારે લગભગ ૪૦૦ પોલીસકર્મી નમાજ માટે ભેગા થયા હતા અને એક આત્મઘાતી હુમલાખોર ૧૦-૧૨ કિલો વિસ્ફોટક સામગ્રી સાથે મહેમાન રૂપે મસ્જિદમાં ઘૂસી આવ્યો. નમાજ શરૂ થતાં જ તેણે જાતને ઉડાવી દીધી. જો પાકિસ્તાની સત્તાધીશોને ડહાપણ આવ્યું હોય તો તેણે આતંકવાદ વિરુદ્ધ તાત્કાલિક કમર કસી લેવી જોઈએ.*

*પાકિસ્તાનના રક્ષા મંત્રીનું નિવેદન છે કે પ્રાર્થના સમયે તો ભારત અને ઈઝરાયલમાં પણ હુમલા નથી થતા. મોટો સવાલ એ છે કે પાકિસ્તાન આ સ્થિતિમાં કેવી રીતે પહોંચ્યું? જોકે તેનો જવાબ પાકિસ્તાની સત્તાધીશોને સારી રીતે ખબર છે. પાકિસ્તાની રક્ષામંત્રીએ પસ્તાવો કરતાં કહ્યું કે કઈ રીતે પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં અમેરિકાને પોતાની સેવાઓ આપી હતી, જેથી રશિયાને ત્યાંથી ભગાવી શકાય. આજે એ જ મુજાહિદ્દીનો પાકિસ્તાન માટે મોટું સંકટ બની ગયા છે, તો તેના માટે સૈન્ય તાનાશાહ ઝિયા ઉલ હકથી માંડીને આજ સુધીની તમામ સરકારો જવાબદાર છે. ઓગસ્ટ ૨૦૨૧માં તાલિબાને જ્યારે અફઘાનિસ્તાન પર કબ્જો કર્યો હતો, ત્યારે પાકિસ્તાની સત્તા પ્રતિષ્ઠાન ઉજવણી કરી રહ્યું હતું. તાલિબાનનાં લગભગ બધાં કરતૂતોમાં સાથ આપનારી પાકિસ્તાની સેના અને પોલીસમાં આતંકવાદ વિરુદ્ધ દૃઢતા અને એકજુટતામાં ઉણપ છે. તેનું પરિણામ તેમને મળ્યું છે. તાલિબાન સત્તામાં આવતાં જ પાકિસ્તાનની મુસીબતો શરૂ થઈ છે. યાદ કરો, તાલિબાને જ્યારે કબ્જો કર્યો હતો ત્યારે તત્કાલીન વડાપ્રધાન ઈમરાન ખાને તેને પાકિસ્તાનની જીત ગણાવી હતી અને એમ પણ કહ્યું કે તાલિબાને ગુલામીની બેડીઓ તોડી નાખી છે. આજે ક્યાં છે ઈમરાન? આતંકી સંગઠન તેહરિક-એ-તાલિબાન પાકિસ્તાને જ પેશાવર હુમલાની જવાબદારી લીધી છે અને આ ખૂંખાર સંગઠને જ ૧૬ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સેનાની સ્કૂલ પર હુમલો કર્યો હતો. તેના છ આતંકીઓએ ગોળીઓ વરસાવી હતી, જેમાં ૧૩૨ સ્કૂલી બાળકો સહિત ૧૪૯નાં મોત થયાં હતાં. આટલાં માસૂમ બાળકોના નૃશંસ મોત બાદ પણ પાકિસ્તાની સત્તાએ નાપાક 'મસૂદો' અને 'મક્કીઓ'ને છૂપાવીને સાચવી રાખ્યા. અમેરિકાએ પણ સારા તાલિબાન અને ખરાબ તાલિબાનવાળી ભૂલ કરી અને અંતે તેણે પણ ભાગવું પડ્યું.*

**તુર્કીથી પીએમઓને મેઇલ, મેરઠમાં સીબીઆઇની રેડઃ**

## ચાઈલ્ડ પોર્નોગ્રાફી કન્ટેન્ટ સોશિયલ મીડિયામાં અપલોડ કર્યું

નવીદિલ્હી,તા.૪

દુનિયાભરમાં પ્રતિબંધિત ચાઈલ્ડ પોર્નોગ્રાફી સાથે જોડાયેલું મટિરિયલ ઈન્ટરનેટ ઉપર પોસ્ટ કરવાના મામલે સીબીઆઈની ટીમે મેરઠમાં રેડ કરી છે. સીબીઆઇ ટીમ લિસાડીગેટ વિસ્તારના જોકિર કોલોની પહોંચી. નોંધનીય છે કે તુર્કીથી વિદેશ મંત્રાલય અને પીએમઓને એક ઈ-મેઈલ મળ્યો હતો કે મેરઠના લિસાડીગેટથી એક શખસ ચાઈલ્ડ પોર્નોગ્રાફી કન્ટેન્ટ વાઈરલ કરી રહી છે. તે પછી સીબીઆઈએ મેરઠમાં રેડ કરી છે.

સીબીઆઈએ મોહમ્મદ નિસાર અલિયાસ સૈફીના ઘરે રેડ કરી છે. સીબીઆઇ ટીમે મોહમ્મદ નિસાર પાસેથી તેનો ફોન માગ્યો. ટીમે જ્યારે નિસારનો મોબાઇલ ચેક કર્યો ત્યારે તેમાં ચાઇલ્ડ પોર્નોગ્રાફીનું કન્ટેન્ટ મળ્યું. એવું પણ જાણવા મળ્યું કે નિસારના ઘરેથી બાળકોની પોર્નોગ્રાફી સાથે જોડાયેલું મટિરિયલ ખરાબ ઈરાદાથી ઈન્ટરનેટ ઉપર વાઈરલ કરવામાં આવી રહ્યું હતું. સીબીઆઈએ આરોપીનો મોબાઈલ લઇ લીધો છે. સીબીઆઈની રેડ પછી આરોપી યુવક ઘરેથી ફરાર થઈ ગયો છે તેવું જાણવા મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આરોપી કથિત રીતે વ્હોટસએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યો હતો. તે બાળકોના અશ્લીલ ફોટો, વીડિયો એકઠા કરીને તેનો ઉપયોગ જાહેરાત કરવા, પ્રચાર કરવા, લોકોને શેર કરવા અથવા ખરાબ કામમાં સામેલ હતો.

મોહમ્મદ નિસારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર એકાઉન્ટ બનાવવા માટે મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યો હતો. તે ટેક્સ્ટ કે ડિજિટલ ઈમેજ બનાવીને બાળકોને અશ્લીલ, અભદ્ર કે યૌન રીતે બતાવી રહ્યો હતો. આરોપી વિરુદ્ધ મામલો નોંધવામાં આવ્યો છે.

નોંધનીય છે કે સીબીઆઈની ટીમે નિસારને પકડી લીધો હતો અને તેની પાસેથી જપ્ત કરાયેલા મોબાઈલની તપાસ કરી હતી. તેઓ મોબાઈલને પોતાની સાથે લઇ ગયા.

**બચત પર નવી ટેક્સ પ્રણાલી ઇજા પહોંચાડે તેમ છે,મેન્યુફેક્ચરિંગને પણ મદદ અપુરતી : સ્વદેશી જાગરણ મંચે બજેટ પર અસંતોષ વ્યક્ત કર્યો**

નવીદિલ્હી,તા.૪

આરએસએસથી જોડાયેલ સ્વદેશી જાગરણ મંચે નાણાંમંત્રી નિર્મલા સીતારમણ દ્વારા પોતાના બજેટ ભાષણમાં જાહેર કર છુટ પર અસંતોષ વ્યકત કરતા કહ્યું છે કે આ લોકોની બચતને પ્રભાવિત કરશે જે સરકારી ઉધારીનું એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે.સંગઠને એ પણ કહ્યું કે બજેટ એવા સમયમાં વિનિર્માણ ક્ષેત્રને યોગ્ય સમર્થન પ્રદાન કરતુ નથી જયારે ચીનથી ભારરની આયાત અભૂતપૂર્વ ઉચ્ચ સ્તર પર છે. એસજેએમના સંયોજક અશ્વિની મહારાજે એક નિવેદનમાં કહ્યું છે કે સ્વદેશી જાગરણ મંચનું માનવું છે કે નવી આયકર પ્રણાલી કરદાતાઓ બોજાની સાથે રિટર્ન દાખલ કરવામાં સરળતાના મામલામાં રાહત આપી શકે છે પરંતુ તેના આયકરદાતાઓ દ્વારા કરવામાં આવી રહેલ બચત પર પ્રતિકૂળ પ્રભાવ પડી શકે છે.તેમણે કહ્યું કે એસજેએમ સરકાર પર મધ્યમ વર્ગ દ્વારા બચતને વધારવા માટે કર વ્યવસ્થાને પરિવર્તન કરવા માટે દબાણ બનાવશે કારણ કે આ સરકારના ઉધાર અને મુંડી નિર્માણનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે.

# જમ્મુ-કાશ્મીરમાં પણ જોશીમઠ જેવું થયું, ડોડામાં ૨૧ મકાનોમાં તિરાડો પડી



જમ્મુ,તા.૪

જમ્મુ-કાશ્મીરમાં ઉત્તરાખંડના જોશીમઠ જેવી દુર્ઘટના બની છે. જમ્મુના ડોડામાં જમીન ધસી જવાને કારણે ૨૧ મકાનોમાં તિરાડો પડી ગઈ છે. માહિતી મળતાં પહોંચેલા થાથરીના એસડીએમ આપત્તિથી પ્રભાવિત લોકોને સુરક્ષિત સ્થળોએ લઈ ગયા. જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની ટીમ પણ ઘટનાના કારણની તપાસ કરવા પહોંચી ગઈ છે.ડોડાના જિલ્લા મેજિસ્ટ્રેટ અતહર અમીને જણાવ્યું હતું કે ડિસેમ્બરમાં જિલ્લામાં કેટલાંક ઘરોમાં તિરાડો પડી હતી. ગુરુવાર સુધીમાં, વધુ છ ઈમારતોમાં તિરાડો પડી ગઈ છે. તિરાડો વધી રહી છે. આ અંગે સરકારને જાણ કરવામાં આવી છે.

ડિસેમ્બર ૨૭: જોશીમઠનાં મકાનોમાં તિરાડો દેખાયા પછી લોકોએ આંદોલનની ચેતવણી આપી. આ પછી, વહીવટીતંત્રના એન્જિનિયરો અને અધિકારીઓની ૫ સભ્યોની ટીમે તિરાડોની તપાસ કરી. બાદમાં જોશીમઠનાં ઘરોમાં તિરાડો વધતી રહી, જ્યારે સ્થિતિ વધુ વણસી ત્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારે તેની નોંધ લીધી.

૬ જાન્યુઆરીઃ લગભગ ૫૦૦ મકાનો અને ઈમારતોમાં તિરાડો દેખાતા ભય વધી ગયો. અસરગ્રસ્ત મકાનોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી ઝડપી કરવામાં આવી હતી. જોશીમઠમાં મકાનોમાં તિરાડો દેખાયા બાદ હવે સ્થળાંતરનું કામ શરૂ કરવામાં આવ્યું છે.૭ જાન્યુઆરીઃ ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામી પરિસ્થિતિનો તાગ મેળવવા જોશીમઠ પહોંચ્યા. આ દરમિયાન, ચમોલીના ડીએમ હિમાંશુ ખુરાનાએ જણાવ્યું કે સમસ્યા માત્ર અમુક વિસ્તારોમાં જ છે. સીએમએ અસરગ્રસ્ત લોકોને શક્ય તમામ મદદ આપવાના નિર્દેશ આપ્યા હતા.૮ જાન્યુઆરીઃ વડાપ્રધાન કાર્યાલય (ર્ઁ)એ જોશીમઠમાં પરિસ્થિતિ અંગે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને વહેલી તકે સલામત સ્થળે ખસેડવા માટે કહેવામાં આવ્યું છે. પીએમ મોદીએ આ મુદ્દે રાજ્યના સીએમ ધામી સાથે વાત કરી હતી.

૯ જાન્યુઆરીઃ કેન્દ્રની એક ટીમ જોશીમઠમાં ઈમારતોને થયેલા નુકસાનની સમીક્ષા કરવા સાંજે આવી. ટીમે તપાસ કરીને રિપોર્ટ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો. ૪૭૮ મકાનો અને ૨ હોટલને ડેન્જર ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યાં છે. જ્યારે, ઉત્તરાખંડ સરકારે જોશીમઠને ત્રણ ઝોનમાં વહેંચવાનો નિર્ણય કર્યો. ૯ જાન્યુઆરી સુધી ૮૧ પરિવારો વિસ્થાપિત થયા હતા.૧૦ જાન્યુઆરીઃ સ્થાનિક લોકોના વિરોધ બાદ જોશીમઠમાં બે હોટલનું ડિમોલિશન અટકાવવામાં આવ્યું હતું. હોટલ માલિકોએ કહ્યું કે અમને કોઈ નોટિસ આપવામાં આવી નથી. આ સાથે તેમણે વળતરની માંગ પણ ઉઠાવી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો.

૧૧ જાન્યુઆરીઃ જોશીમઠનાં ૭૨૩ ઘરોમાં તિરાડો દેખાવા લાગી. સીએમ ધામીએ જોશીમઠમાં અસરગ્રસ્ત લોકોને મળ્યા અને ૧.૫ લાખ રૂપિયાની મદદ આપવાની વાત કહી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું તે ૫૦ હજાર રૂપિયા શિફ્ટિંગ માટે અને એક લાખ રૂપિયા એડવાન્સ વળતર તરીકે આપવામાં આવશે. ફાઈનલ વળતર શું હશે, તે પછીથી નક્કી કરવામાં આવશે.

૧૨ જાન્યુઆરીઃ જોશીમઠમાં ૫૦થી વધુ ઘરોમાં તિરાડો જોવા મળી, અગાઉ આ આંકડો ૭૨૩ હતો. લોકોએ કહ્યું કે વળતર નક્કી કર્યા વિના તેઓ તેમની મિલકત કેવી રીતે છોડી શકે. સીએમ ધામીએ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે સાંજ સુધીમાં અસરગ્રસ્તોના ખાતામાં ૧.૫ લાખ રૂપિયા પહોંચી જશે.

નેશનલ હાઈવે ૭ પર મશીનો દ્વારા પર્વતોનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. આ સ્થળ જોશીમઠથી ૩ કિમી દૂર છે. કન્સ્ટ્રક્શન કંપનીના જણાવ્યા અનુસાર તે અહીં રોડ પહોળો કરવાનું કામ કરી રહી છે. જોશીમઠ તેના સ્થાનેથી વાર્ષિક અઢી ઈંચ સરકી રહ્યું છે, મકાનો તૂટી રહ્યાં છે, લોકો બેઘર બની રહ્યા છે. કારણ કે સરકારી પ્રોજેક્ટ. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની ૮ જાન્યુઆરીએ જાહેરાત- હાલમાં તમામ મોટા પ્રોજેક્ટ્સ બંધ કરી દેવામાં આવ્યા છે.

# ભાજપ સાંસદ વરુણ ગાંધીના કોંગ્રેસમાં સામેલ થવાથી યુપીમાં કોંગ્રેસને ૨ મોટા ફાયદા મળશે

નવીદિલ્હી,૪

ઉત્તર પ્રદેશના પીલીભીતના સાંસદ વરુણ ગાંધીની રાજકીય ચાલ વિશે સતત ચર્ચા થઈ રહી છે અને એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે તેઓ ભારતીય જનતા પાર્ટી છોડીને કોંગ્રેસમાં જોડાઈ શકે છે. ભલે રાહુલ ગાંધીએ પોતાની અલગ વિચારધારા હોવાનું કહીને કોંગ્રેસમાં પ્રવેશની અટકળો પર બ્રેક લગાવી દીધી હતી, પરંતુ હવે અહેવાલો એવો દાવો કરી રહ્યા છે કે પ્રિયંકા ગાંધી વરુણને કોંગ્રેસમાં લાવવાનું કામ કરી રહી છે. જો કે, હજુ સુધી વરુણે સત્તાવાર રીતે ભાજપ છોડવાનો સંકેત આપ્યો નથી, ન તો કોંગ્રેસમાંથી પાર્ટીમાં જોડાવા અંગે કંઈ કહેવામાં આવ્યું છે.દરમિયાન, ઉત્તર પ્રદેશ કોંગ્રેસ (યુપી કોંગ્રેસ)ના કેટલાક નેતાઓનું કહેવું છે કે જો વરુણ ગાંધી કોંગ્રેસમાં જોડાશે તો રાજ્યમાં પાર્ટીને ફાયદો થશે.અહેવાલ મુજબ, વરુણ જેવા 'ફાયરબ્રાન્ડ નેતા'ના આગમનથી



યુપીમાં કોંગ્રેસના પુનરુત્થાનના પ્રયાસોને ફાયદો થશે. એક નેતાએ નામ ન આપવાની શરતે કહ્યું કે યુપીમાં વરુણ ગાંધીના કોંગ્રેસમાં જોડાવાથી પાર્ટી અને વરુણ બંનેને ફાયદો થશે. તેમણે કહ્યું કે પ્રદેશ પ્રભારી પ્રિયંકા ગાંધીની રાષ્ટ્રીય સ્તરે પણ અન્ય જવાબદારીઓ છે અને અમને એવા નેતાની જરૂર છે જે સતત પાયાના મુદ્દાઓ ઉઠાવીને ભાજપનો સામનો કરી શકે.

જો વરુણ ગાંધી કોંગ્રેસ પાર્ટીમાં જોડાય છે, તો તે ઉત્તર પ્રદેશમાં પાર્ટીના મજબૂત નેતાની ઉણપને પૂર્ણ કરશે. કારણ કે, જિતિન પ્રસાદ અને આરપીએન સિંહ ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાથી પાર્ટીને ભારે નુકસાન થયું છે. વરુણ ગાંધીની ઓળખ 'ફાયરબ્રાન્ડ લીડર' તરીકે કરવામાં આવી છે અને તેઓ પીલીભીત સિવાય સુલતાનપુરથી સાંસદ રહી ચૂક્યા છે. લખીમપુર ખેરી, પીલીભીત, સુલતાનપુર અને કુશીનગર સહિત ઘણા જિલ્લાઓમાં વરુણનો સારો પ્રભાવ છે.

બીજેપી સાંસદ વરુણ ગાંધીએ ઘણી વખત બેરોજગારી અને ખેડૂતોના મુદ્દા ઉઠાવીને પોતાની જ પાર્ટીની સરકાર પર સવાલો ઉઠાવ્યા છે. વરુણ ખેડૂતો અને યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય છે. જો તેઓ કોંગ્રેસ પાર્ટીમાં જોડાય છે તો ઉત્તર પ્રદેશમાં યુવાનો અને ખેડૂતોમાં પાર્ટીની લોકપ્રિયતા વધશે. વરુણ ભડકાઉ ભાષણો આપવા માટે પણ જાણીતા છે અને કોંગ્રેસમાં આવનાર પાર્ટી વરુણનો સ્ટાર પ્રચારક તરીકે ઉપયોગ કરી શકે છે.

વરુણ ગાંધીનું કદ રાષ્ટ્રીય નેતા જેટલું છે અને ઉત્તર પ્રદેશના રાજકારણમાં પણ તેમની સારી પકડ છે, આવી સ્થિતિમાં જો તેઓ કોંગ્રેસમાં જોડાય છે તો પાર્ટીના સ્થાનિક નેતાઓની મુશ્કેલીઓ વધી શકે છે, કારણ કે તેમના તેમના માટે તેમના ઝોનમાં રાજકીય નિર્ણય લેવો આસાન નહીં હોય. આ સિવાય પાર્ટી હાઈકમાન્ડની મુશ્કેલીઓ પણ વધી શકે છે, કારણ કે પાર્ટીમાં વરુણની જવાબદારી નક્કી કરવી પડશે.

## કોંગ્રેસના મહિલા ધારાસભ્યને પતિએ કહ્યું રાજનીતિ છોડી, છોકરા સંભાળો

રાયપુર,તા.૪

છત્તીસગઢના કોંગ્રેસ ધારાસભ્ય અંબિકા સિંહદેવ અને તેના દ્વઁ પતિની વચ્ચે દિવસને દિવસે ડખા વધતા જાય છે. પતિએ સોશિયલ મીડિયાના માધ્યમથી પત્નીને રાજનીતિ છોડીને પરિવાર સાથે રહેવાની અપીલ કરી છે. પત્નીએ ના પાડી દેતા પતિ અમિતાવો કુમાર ઘોષે આરોપ લગાવ્યો કે, પત્ની તેને મારે છે. બે વર્ષમાં તે ત્રણ વાર તેની ફટકારી ચુકી છે. ઘોષે પોતાની ફેસબુક પોસ્ટમાં જણાવ્યું છે કે, તે ૧૦ ફેબ્રુઆરી સુધી તેના વિશે લખતા રહેશે. ત્યાર બાદ તે ફેસબુકમાં લાઈવ આવીને પોતાની વાત રાખશે અને અંબિકાપુર જઈને પોતાની પત્નીને મળી તેને સમજાવવાની કોશિશ કરશે.

અમિતાવો કુમાર ઘોષે ત્રણ દિવસ પહેલા મને કંઈક કહેવું છે, હેશટેગ પહેલા પોસ્ટ કરી હતી. તેમાં તેમણે લખ્યું હતું કે, ધારાસભ્ય અંબિકા સિંહદેવ ૨૬ વર્ષથી તેમની પત્ની છે. તેઓ બંને ૫૧ વર્ષથી એકબીજાને જાણે છે. તેમને ૨૦ અને ૧૮ વર્ષના બે દીકરા પણ છે. પોસ્ટમાં તેમણે પત્નીને સક્રિય રાજનીતિ છોડી પરિવાર સાથે રહેવાની અપીલ કરી હતી. તેમણે પત્નીના પીએને પણ આ કામમાં તેની મદદ કરવાની અપીલ કરી હતી.

તેના જવાબમાં અંબિકા સિંહદેવે કહ્યું હતું કે, તે રાજનીતિ નહીં છોડે. તેમણે તો એવું પણ કહ્યું હતું કે, તેમના પતિ એક ભાજપ નેતા દ્વારા તેમના પર કરવામાં આવેલ કમેન્ટથી દુઃખી છે. ભાજપ નેતા અને પૂર્વ મંત્રી ભૈયાલાલ રજવાડેએ અંબિકા સિંહદેવ પર અમુક આરોપ લગાવ્યા હતા. જો કે, બાદમાં તેમણે કહ્યું કે, તેમની વાતને મીડિયામાં ખોટી રીતે ચગાવવામા આવી છે.

આ બાજૂ પત્નીએ ના પાડ્યા બાદ ઈંગ્લેન્ડમાં રહેતા પતિ અમિતાવો કુમાર ઘોષે અન્ય એક પોસ્ટ કરી. તેમાં તેમણે પત્ની પર તેની સાથે મારપીટ કરવાનો આરોપ લગાવ્યો છે.

## 'કોઈ મરા-મરા કહે કે 'રામ રામ' શું ફર્ક પડે છે' રામચરિતમાનસ વિવાદ પર બોલ્યા છત્તીસગઢના સીએમ ભૂપેશ બઘેલ

રાંચી,તા.૪

રામચરિતમાનસ પર સમાજવાદી પાર્ટીના નેતા સ્વામી પ્રસાદ મૌર્યના નિવેદનથી હંગામો મચી ગયો છે. તેમના નિવેદન પર રોજ રાજનીતિ થઈ રહી છે. ભાજપ અને તમામ જૂથોએ સમાજવાદી પાર્ટીની ખૂબ ટીકા કરી છે. તે જ સમયે, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે સમગ્ર વિવાદ પર પ્રતિક્રિયા આપી છે. તેમનું કહેવું છે કે આ મુદ્દે ચર્ચા કરવી ખોટી છે. આપણે રામચરિતમાનસનું મૂળ તત્વ સમજવું પડશે.

એક પત્રકારના પ્રશ્નના જવાબમાં, છત્તીસગઢના મુખ્યમંત્રી (છત્તીસગઢના સીએમ ભૂપેશ બઘેલ)એ કહ્યું, 'જુઓ, તે રામાયણ વિશે છે, તે રામ વિશે છે... તમે રામને કોઈપણ સ્વરૂપમાં જોઈ શકો છો, ભલે તેઓ'મરા મરા' કહે છે અને અંતમાં 'રામ-રામ' કહે છે... તેનાથી શું ફરક પડે છે. તમે કોઈપણ નામ સાથે જપ કરો.મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે પોતાના નિવેદનમાં વધુમાં કહ્યું કે જો કોઈ વિરોધમાં વાત કરે તો પણ તે તેનું (રામ) નામ છે. તેમણે કહ્યું કે રામચરિતમાનસના સકારાત્મક પાસાઓ છે જેનો સ્વીકાર કરવો જોઈએ. ભૂપેશ બઘેલે કહ્યું, 'વાદ-વિવાદ કરવો ખોટું છે. જે સારી વસ્તુઓ છે તેને સ્વીકારો. બે-ચાર ચોપાઈથી ગ્રંથને કોઈ ફરક પડતો નથી. તેના મૂળભૂત તત્વને સમજવું ખૂબ જ જરૂરી છે... દરેક વ્યક્તિ માટે બધું જ યોગ્ય નથી હોતું.

વાસ્તવમાં, થોડા દિવસો પહેલા સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા સ્વામી પ્રસાદ મૌર્યએ રામચરિતમાનસની કેટલીક કલમો પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે જે ધર્મ આદિવાસીઓ, દલિતો, પછાત અને મહિલાઓનો વિરોધ કરે છે, શુદ્રોના વિનાશની વાત કરે છે, એવા ધર્મનો નાશ થવો જોઈએ.

# પીએમ મોદીના નેતૃત્વમાં દેશની એક નવી ઓળખ ઉભી થઈ છે : યોગી આદિત્યનાથ

**મારી ઈચ્છા યુપીમાં જ રહેવાની છે. આ સિવાય બીજી કોઈ ઈચ્છા નથી.: મુખ્યમંત્રી**

લખનૌ,તા.૪

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ કહ્યું છે કે તેમની ઈચ્છા યુપીમાં જ રહેવાની છે. આ સિવાય બીજી કોઈ ઈચ્છા નથી. યોગી આદિત્યનાથને સર્વેક્ષણ અંગે પ્રશ્ન કરવામાં આવ્યો હતો જે દેશમાં નેતૃત્વને લઈને આવ્યો હતો. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશની સૌથી મોટી તાકાત ગણાવી હતી. તેમણે કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં દેશની એક નવી ઓળખ ઉભી થઈ છે.કોઈપણ ચૂંટણીમાં મોદી પોતાનામાં એક મોટું નામ છે.

તેમણે કહ્યું કે છેલ્લા નવ વર્ષમાં સમાજના દરેક વર્ગને ફાયદો થયો છે.જાહેર સમક્ષ અમે જે વાતો કહી હતી તેનો સફળતાપૂર્વક અમલ કરવામાં આવ્યો છે. યોગી આદિત્યનાથે કહ્યું કે હવે વડાપ્રધાન મોદીનો આભાર માનવાનો સમય આવી ગયો છે.



એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં યોગી આદિત્યનાથે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી પર સવાલ ઉઠાવ્યા હતા. તેના પર તેણે કહ્યું કે અમને ૨૦૨૪માં ફરીથી બહુમતી મળશે. ૨૦૧૯ કરતાં ૨૦૨૪માં યુપી વધુ સીટો આપશે. તેમણે કહ્યું કે ૨૦૨૪માં ૧૦૦ ટકા ભાજપની સરકાર આવશે. ૨૦૨૪માં ભાજપને ૩૦૦ થી ૩૧૫ સીટો મળશે. સનાતન ધર્મના પ્રશ્ન પર યુપીના સીએમએ કહ્યું કે સનાતન ધર્મ એ ભારતનો આત્મા છે. તે ભારતની ઓળખ છે. સનાતન ધર્મ એ ભારતનો રાષ્ટ્રીય ધર્મ છે. માત્ર સનાતન ધર્મ જ માનવતાના કલ્યાણનો માર્ગ બતાવશે. સનાતન ધર્મમાં મારા અને પરાયુંનો વિચાર નથી. હિંદુત્વના પોસ્ટર બોયના પ્રશ્ન પર તેમણે કહ્યું હતું કે, ×હું યોગી છું, હું કઠણ નથી કે નરમ નથી. હિંદુત્વ કઠણ નથી કે નરમ નથી.× તે માત્ર હિન્દુત્વ છે.ભારતની મૂળભૂત જીવન પદ્ધતિ હિન્દુત્વ છે.

આજકાલ રામચરિત માનસના ગોરખધંધાના વિવાદના પ્રશ્ન પર તેમણે કહ્યું કે વિકાસથી ધ્યાન હટાવવા માટે આ વિવાદ લાવવામાં આવ્યો છે. સમાજ સમજી ગયો છે. તેમની વાસ્તવિકતા. શૂદ્રને લઈને પ્રશ્ન ઉઠાવવા પર યોગીએ કહ્યું કે જેમના એજન્ડામાં વિકાસ અને રોકાણ નથી, તેઓ રામચરિત માનસ વિવાદ કરી રહ્યા છે.વધુના એજન્ડાના પ્રશ્ન પર યોગી આદિત્યનાથે કહ્યું કે યોગી તરીકે, જીવનનો વિકાસ કરવો જોઈએ. આગળ વધો. યુપીની અર્થવ્યવસ્થા પાકિસ્તાન કરતા સારી છે. અમે તેને જલ્દીથી વધુ સારું બનાવીશું.

તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશ બુલેટ ટ્રેનની ઝડપે આગળ વધી રહ્યું છે. અમારું લક્ષ્ય રાજ્યનો સર્વાંગી વિકાસ છે.યુપી ડબલ એન્જિન સરકાર સાથે આગળ વધી રહ્યું છે.યુપીમાં પરિવર્તનનો શ્રેય પીએમ મોદીને જાય છે.ઉત્તર પ્રદેશ ઘણા વર્ષોથી વિકાસની રાહ જોઈ રહ્યું હતું.જાતિવાદ-કુટુંબવાદથી વિકાસ થતો નથી અમારી સરકારમાં પરિવારવાદ-પ્રાદેશિકવાદને કોઈ સ્થાન નથી. તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી આખા દેશમાં પરિવર્તન આવ્યું છે, યુપીએ તેને અપનાવ્યું છે.

# જો આમ થશે તો ભારત નાદાર થઈ જશે, ચૂંટણી પહેલા ભાજપના નેતા ખટ્ટરે ખુલાસો કર્યો

ચંડીગઢ,તા.૪

આ દિવસોમાં જૂની પેન્શન યોજનાને લઈને ભારે હોબાળો થઈ રહ્યો છે. હવે હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે જૂની પેન્શન યોજનાને લઈને એક મહત્વપૂર્ણ વાત કહી છે. હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે એક 'વોટ્સએપ' મેસેજ ટાંકીને જૂની પેન્શન સ્કીમની ખામીઓ વિશે વાત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, 'ગઈકાલે મને વોટ્સએપ પર એક મેસેજ મળ્યો હતો, જેમાં કેન્દ્ર સરકારના એક અધિકારીએ કહ્યું હતું કે જો જૂની પેન્શન સ્કીમ લાગુ કરવામાં આવશે તો ૨૦૩૦ સુધીમાં દેશ નાદાર થઈ જશે.'

સીએમ ખટ્ટરે કહ્યું કે ૨૦૦૬માં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે પણ જૂની પેન્શન યોજનાનો વિરોધ કર્યો હતો. ખટ્ટરે કહ્યું,'મનમોહન સિંહ એક મહાન અર્થશાસ્ત્રી છે અને તેમણે ૨૦૦૬માં કહ્યું હતું કે જૂની પેન્શન યોજના ભારતને પછાત બનાવી દેશે કારણ કે આ યોજનાનો અભિગમ ટૂંકી દષ્ટિનો છે.' તાજેતરમાં, ભારતીય રિઝર્વ બેંકે પણ કેટલાક રાજ્યો દ્વારા જૂની પેન્શન યોજનાને પાછી ખેંચવા અંગે ચેતવણી આપતાં કહ્યું હતું કે તે 'પેટા-રાષ્ટ્રીય નાણાકીય ક્ષિતિજ' માટે મોટું જોખમ ઊભું કરે છે અને આગામી વર્ષોમાં નાણાકીય નુકસાનમાં પરિણમી શકે છે. ભંડોળ વિનાની જવાબદારીઓ.તે જ સમયે, રાજસ્થાન, છત્તીસગઢ અને ઝારખંડની સરકારોએ કેન્દ્ર સરકાર અને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીને તેમના કર્મચારીઓ માટે ઓપીએસ ફરીથી શરૂ કરવાના નિર્ણય વિશે જાણ કરી હતી.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




*NOG SS No* : *0110*
★પ્રકાર : ગદ્ય- ★મૌલિક લેખ★
★વિષય★ : ★જીવનની રમતના પાસા★
★શબ્દો★ : ★૩૪૨★
★શીર્ષક★ :★'અવળા સવળા પાસા'★
★લેખકનું નામ★ : ★નિખિલ કિનારીવાળા (અમદાવાદ)★

જીવન પણ એક રમત જ છે ને! જેમ શતરંજની રમતમાં દાવ ચાલવા માટે પાસા ફેકાય છે અને ખેલાડીની ચાલ નક્કી થાય છે, જે તેની હાર અથવા જીત નક્કી કરે છે. તે જ પ્રમાણે જીવનના અલગ અલગ તબક્કામાં ઉપરવાળો આપણી પાસે પાસા ફેંકાવે છે અને આપણી ચાલ નક્કી થાય છે. ક્યારેક તે આપણા હિતમાં હોય છે તો ક્યારેક તે અહિત કરનારી હોય છે. ક્યારેક તે જીત તરફ દોરી જાય છે તો ક્યારેક હાર તરફ.

માણસ ભલે એમ વિચારતો હોય કે પાસા હું ફેકું છું પરંતુ અંતિમ પરિણામ તો ઉપરવાળો જ નક્કી કરે છે. માણસ તો ગર્વનું પુતળું છે. મિથ્યા અભિમાનથી ભરેલો માણસ જીવનની ગતિવિધિઓનું સંચાલન પોતાની હોશિયારીથી કરવા માગતો હોય છે. અરે! પોતાના તો ઠીક પરંતુ બીજાના જીવનની દિશા પણ પોતે નક્કી કરવા માંગતો હોય છે અને તે માટે અલગ અલગ સમયે પાસા ફેંકી પોતાની જીત સુનિશ્ચિત કરવા કોશિશ કરતો હોય છે. આમાં ક્યારેક સફળ પણ થાય છે તો ક્યારેક અસફળ રહે છે.

વાસ્તવમાં તેના પોતાના પાસાની ઉપર નિયતિ પોતે પોતાના અદ્રશ્ય પાસા ફેંકે છે. ખરી હાર કે જીત તેનાથી નક્કી થાય છે. રમતગમતના ક્ષેત્રમાં કેટલીયે વખત આપણે જીતને અચાનક હારમાં પલટાતાં જોઈ છે અને હારને અચાનક જીતમાં પલટાતાં પણ જોઈ છે. આનું કારણ દરેક વખતે માણસના પાસા પોબાર પડતા નથી.

માણસ જ્યારે કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં જીત માટે પોતાની બુદ્ધિશક્તિ અને કુનેહથી પોતાની ચાલ નક્કી કરે છે ત્યારે પણ પોતાના પાસા અવળા કે સવળા પડી શકે છે. જો નિયતિની શક્તિ તેને મદદરૂપ થતી હશે તો તેના પાસા પોબાર પડશે અને ચાલ પણ સફળ થશે અને તેને જીત તરફ દોરી જશે નહીંતર તેને હારનો સામનો કરવો પડશે. ક્યારેક માણસ પોતાની નબળી પરિસ્થિતિ અને નબળા પાસાઓમાં પણ નિયતિની ઈચ્છાએ જીવનની રમત જીતતો હોય છે જ્યારે કેટલીક સબળી પરિસ્થિતિ અને સબળા પાસાઓમાં પણ નિયતિની ઈચ્છાની ગેરહાજરીમાં જીવનની રમત હારી જતો હોય છે. બીજું એ પણ યાદ રાખવાની જરૂર છે કે જીવનની રમત હંમેશા પોતાના જીતવા માટે રમાવી જોઈએ નહીં કે કોઈને હરાવવાના ઉદ્દેશ સાથે. પ્રપંચ સાથે જીતેલી બાજીનું પરિણામ લાંબાગાળે નુકસાનકારક જ હોય છે. આમ પાસા ફેંક્યા બાદ જીવનની રમતમાં હાર અથવા જીત માત્ર નિયતિ પર છોડી દેવી યોગ્ય છે અને પરિણામ સહર્ષ સ્વીકારી લેવું જોઈએ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૪ ફેબ્રુઆરી ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંઃજીજીઃર્દ્ર. : ૧૪૨
વિષય : પાસા
પ્રકાર : પદ્ય
શીર્ષક : ફસાયેલા પાસા
કવિ/લેખક : શૈલેષ ભોઈ ★શાલુ★

સિક્કાની હો બે ભલી, ને ધરતીનો હો દસ.
જીવનનાં તો ગોળ ગોળ, બાજુ વિનાનાં પાસા.
ઉપર ચડે ને પડે નીચે, કદી ન રહેતાં સ્થિર,
આળા અવળા ફર્યા જ કરે, જીવન કેરા પાસા.
જીવતે જીવ ન ઝાલ્યો હાથ, ન કર્યો કદીય વ્હાલ.
પૂજા કરે નીત ફોટા કેરી, ખરા ફેરવ્યાં પાસા.
તેલ નથી કદા મહીં, ઘી ભર્યું ચોખ્ખું દિવે,
અંધશ્રદ્ધાની ડાળે લટકી, ઊંધા પડ્યાં પાસા.
પેરવા ડીલે એક નથી, વહેવાર કર્યા બમણાં તમણાં,
બાર સાંધતા તેર તૂટયાં, આ અઘરા ફાટ્યા પાસા.
મળ્યા ચકોર ભોળાને સૌ, કર્યો સદાય ન્યાલ,
દોડ મુકાવી અંધારે, ગાયબ થયા સઘળાં પાસા.
આવ્યાં મેદાને રમ્યા સિવાય, છૂટકો મળ્યો નહીં.
★શાલુ★ સાપે ઝાલ્યું દેડકું, ઝબરા ફસાયા પાસા.

શૈલેષ ભોઈ ★શાલુ★
લુણાવાડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 120
વિષય - પાસા
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : કુદરતી
શબ્દો : ૭૦

હું ગમે તે કરું કાર્ય પરિપૂર્ણ થાય કુદરતી,
શાળાના બાળકો સાથે લગાવ મને કુદરતી.
આત્મવિશ્વાસથી કરેલું કામ સફળ થાય કુદરતી,
ભરોંસો રાખીને કરેલું નિષ્ફળ જતું નથી કુદરતી.
મેં આદરેલું કદીયે અધૂરું રહેતું નથી કુદરતી,
શ્રદ્ધાપૂર્વક કરેલું કાર્ય સફળતા આપે કુદરતી.
મારા માથે ચારે હાથ પ્રભુના એવી દુવા કુદરતી.
કર્મભૂમીનું ઋણ ચૂકવવાની શક્તિ મળે કુદરતી.
મારી આશાઓને અરમાનો પુરા થાય કુદરતી.
★રમા★ અવળા નાખે તોય સવળા પાસા પડે કુદરતી,

ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★

લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

# ૪-ફેબ્રુઆરી - વિશ્વ કેન્સર દિવસ

**શાસકની સંવેદના :**
**કેન્સરગ્રસ્ત "કલ્પ" માટે આરોગ્યમંત્રી બન્યા "કલ્પવૃક્ષ"**
**આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કેન્સરગ્રસ્ત બાળકની ડોક્ટર બનવાની અદમ્ય ઈચ્છા પૂર્ણ કરી**
**બાળક માટે આરોગ્યમંત્રીશ્રી ખુદ "દર્દી" બન્યા....**
**કલ્પે એપ્રન અને સ્ટેથોસ્કોપ પહેરીને કેન્સર વોર્ડમાં રાઉન્ડ લઇ બાળ દર્દીઓ સાથે સંવાદ સાધીને સ્વાસ્થ્ય તપાસની અનુભૂતિ કરી**

મોડાસા,

અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્પ યોગેશભાઈ પટેલને લ્યુકેમિયા (લોહીનું કેન્સર) છે. ૧૦ વર્ષના કલ્પના પરિવારને એક વરસ પહેલા જ ખ્યાલ આવ્યો કે તેમના લાડકવાયા એકના એક દીકરાને કેન્સર છે. મૂળે અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્પ પટેલની હાલ કિમોથેરાપીની સારવાર ચાલુ છે. આ પીડાદાયક પળોમાં રાજ્યના આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ "કલ્પ" માટે જાણે "કલ્પવૃક્ષ" બન્યા.

૪ ફેબ્રુઆરી – વિશ્વ કેન્સર દિવસની ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરવા રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે "મેક એ વિશ ફાઉન્ડેશન" અને ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ(જીઝ્રઇૈં) ના માધ્યમથી લ્યુકેમિયાગ્રસ્ત કલ્પની ડૉક્ટર બનવાની અદ્મ્ય ઈચ્છાપૂર્તિ કરી.

કલ્પની બાળપણથી જ ઈચ્છા હતી કે તે ડૉક્ટર બનીને ગરીબ દર્દીઓની સેવા કરે. કલ્પની આ ઈચ્છા વિશે આરોગ્ય મંત્રીશ્રીને જાણ થતા તેઓએ કલ્પની ઈચ્છા પૂર્ણ કરીને તેનો મનોબળ અને જુસ્સો વધારવાનું નક્કી કર્યું.

વિશ્વ કેન્સર દિવસની ઉજવણીને ખરા અર્થમાં સાર્થક કરીને લાખો- કરોડો કેન્સરગ્રસ્ત બાળકોનો જુસ્સો વધારીને મનોબળ મજબૂત કરવાના શુભ આશયથી આરોગ્યમંત્રી શ્રી કલ્પની ડૉક્ટર બનવાની ઈચ્છાપૂર્ણ કરવા અમદાવાદ સિવિલ મેડિસીટીની ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ પહોંચ્યા.

અહીં મંત્રીશ્રી એ કલ્પને એક દિવસ માટે ડૉક્ટર બનાવીને તેને ડૉક્ટર બનવાની સંપૂર્ણ અનુભૂતિ કરાવવા એપ્રન પહેરાવ્યું. ગળામાં સ્ટેથોસ્કોપ લગાડ્યું. વધુમાં આરોગ્યમંત્રીશ્રીએ પોતે જ કલ્પ માટે દર્દીની "ભૂમિકા" ભજવી. કલ્પે ડૉક્ટર બનીને ઋષિકેશભાઈને તપાસ્યા. તબીબ જેમ દર્દીનું દર્દ સમજી તેની દવા કરે છે, તે રીતે જ કલ્પે તેમની તપાસ કરી અને દવાનું પ્રિસ્ક્રીપ્શન પણ લખ્યું. બાદમાં આરોગ્યમંત્રીશ્રી કલ્પને કેન્સરવોર્ડમાં દોરી ગયા અને અન્ય દર્દીઓ સાથે પણ સંવાદ સાધ્યો.



જેમ એક ડૉક્ટર વોર્ડમાં રાઉન્ડ લઈને દર્દીઓને તપાસતા હોય છે તેમની આરોગ્યપૃચ્છા કરીને સ્વાસ્થય તપાસ કરતા હોય છે તેમનો જુસ્સો વધારતા હોય છે તેવી જ રીતે આજે કલ્પ ના નેતૃત્વ હેઠળ મંત્રી શ્રી, કેન્સરના ડાયરેક્ટર ડૉ. શશાંક પંડ્યા, મેક અ વિશ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. અનીલ ખત્રી સહિતના તબીબો કેન્સરગ્રસ્ત બાળકોના વોર્ડ તરફ આગળ વધ્યા.

કલ્પની સાથે વોર્ડમાં જઇને તેઓએ બાળકો સાથે સંવાદ સાધ્યો, તેમની સાથે સુમેળભર્યો વાર્તાલાપ કર્યો. કલ્પની ઈચ્છાપૂર્તિ થતી જોઇને કેન્સરના વોર્ડમાં સારવાર મેળવી રહેલા અન્ય બાળકો પણ પ્રોત્સાહિત થયા. કેન્સરગ્રસ્ત બાળકોના ચહેરા પર જાણે જીવનને સકારાત્મક રીતે જીવવાની નવીન આશાઓનું સ્મિત રેળાઇ રહ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

આ ક્ષણે મંત્રીશ્રીએ પણ વોર્ડમાં સારવાર મેળવી રહેલા બાળ દર્દીઓ સાથે મંત્રી નહીં પરંતુ એક વડીલ બનીને સંવાદ સાધ્યો તેમને હૈયાધારણા આપી. મંત્રીશ્રી અને કલ્પની મુલાકાત –સંવાદ બાદ સારવાર મેળવી રહેલા બાળદર્દીઓ અને તેમના સ્વજનોમાં જાણે કેન્સરની લડત સામે નવીન ઉર્જા સાથે જુસ્સાનો સંચાર થયો હોય તેવી અનુભૂતિ થઇ.

કલ્પની ડૉક્ટર બનવાની અદમ્ય ઈચ્છાપૂર્તિ કર્યા બાદ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, મેક અ વિશ ફાઉન્ડેશન અને જી.સી.આર.આઇના તમામ તબીબોના માધ્યમથી કેન્સરગ્રસ્ત બાળકની એક ડૉક્ટર બનવાની ઈચ્છા પૂર્ણ થયા બાદ બાળકને આગામી જીવન જુસ્સાભેર જીવવા માટેની પ્રેરણા મળી છે.આ પ્રકારની ક્ષણો બાળકોના જીવનમાં નવીન સકારાત્મક ઉર્જાનો સંચાર કરીને જીવનને પ્રેરણાત્મક બનાવે છે. કેન્સર એટલે કેન્સલ એ માન્યતાઓ હવે જૂની થઈ છે. દિન-પ્રતિદિન વિકસી રહેલા મેડિકલ સાયન્સ અને તકનીકી સારવાર પધ્ધતિના અપગ્રેડેશનના પરિણામે કેન્સર જેવા ધાતક રોગની સારવાર શક્ય બની છે. ઝડપી નિદાન જ કેન્સરને મ્હાત આપવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

-અમિતસિંહ ચૌહાણ

**મહાશિવરાત્રી તા.૧૮–૦૨-૨૦૨૩,**

## શનિવારના રોજ સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે એનીમલ હેલ્પલાઈનની રજૂઆત

હિન્દુ ધર્મના અતિ પવિત્ર તહેવાર મહિશવરાત્રી આગામી તા.૧૮-૦૨-૨૦૨૩ શનિવારના રોજ હોય, દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન,ચીન,મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.



તંત્ર દ્વારા દર વર્ષ આ અંગેનું જાહેર નામું બહાર પાડવામાં આવે છે. તો આ વર્ષે પણ ગુજરાતનાં દરેક જીલ્લા, શહેર અને ગામમાં સત્વરે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતીબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં મિતલ ખેતાણી તથા એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઇ ઠકકર, ધિરેન્દ્ર કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રમેશભાઇ ઠકકર, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ ભરતભાઈ મહેતા દ્વારા કરવામાં આવી છે.

## મંદીના ઓછાયા વચ્ચે અમેરિકાએ નવી ૫ લાખથી વધુ રોજગારી ઉપ્લબ્ધ કરી

વોશિગ્ટન,તા.૪

ભૂતકાળમાં અમેરિકા સહિત વિશ્વની ઘણી મોટી કંપનીઓએ તેમના કર્મચારીઓને બહારનો રસ્તો બતાવ્યો હતો, પરંતુ હવે સ્થિતિ સુધરી છે અને લોકોને નોકરીઓ મળી છે. અમેરિકામાં બેરોજગારીના દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જાન્યુઆરીમાં અંદાજે ૫ લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. જેને રાષ્ટ્રપતિ જો બિડેને સારા સમાચાર ગણાવ્યા છે.

બમ્પર ભરતી જોઈને અર્થશાસ્ત્રીઓ ચોંકી ગયા છે. જ્યારે ઘણા લોકો મંદીનો ડર સતાવે છે ત્યારે ફેડના આક્રમક વ્યાજ દરમાં વધારાએ નોકરીઓની ગતિ કેમ ધીમી કરી નથી તે અંગે પણ આશ્ચર્ય થાય છે.સરકાર દ્વારા જારી કરાયેલ રોજગારીના આંકડા દર્શાવે છે કે શ્રમ બજારની સ્થિતિમાં સુધારો થયો છે. કંપનીઓએ ગયા મહિને ૫,૧૭,૦૦૦ નોકરીઓ ઉમેરી અને બેરોજગારીનો દર ઘટીને ૩.૪ ટકા થયો, જે ૧૯૬૯ પછીનું સૌથી નીચું સ્તર છે. જેના કારણે અમેરિકન લેબર માર્કેટમાં પ્રમાણમાં ઘણા ફેરફારો જોવા મળ્યા હતા. જો કે, બમ્પર ભરતીના કારણે કર્મચારીઓના પગારમાં વધારો થવાની સંભાવના છે.

# સોનાના વાયદામાં રૂ.૧,૧૫૨ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૫૨૮નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

### ક્રૂડ તેલમાં રૂ.૨૧૬નો કડાકોઃ મેન્થા તેલમાં સુધારોઃ નેચરલ ગેસમાં નરમાઈઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૧૪,૯૫૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧,૬૫,૪૫૩ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૪૦ કરોડનાં કામકાજ

**વિક્લી માર્કેટ રિપોર્ટ**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૭ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન ૩૫,૪૭,૮૩૨ સોદાઓમાં કુલ રૂ.૨,૮૦,૭૪૩.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૪૯૫૦.૨૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૬૫૪૫૩.૦૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૮૭,૬૧૩ સોદાઓમાં કુલ રૂ.૭૮,૮૦૩.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૬,૭૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮,૮૨૬ અને નીચામાં રૂ.૫૬,૬૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૫૨ વધી રૂ.૫૮,૧૧૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૩૩ વધી રૂ.૪૬,૦૨૯ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૪ વધી રૂ.૫,૬૬૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૭૩૦ના ભાવે ખૂલી, રૂ.૮૪૫ વધી રૂ.૫૭,૭૧૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૫૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૨,૭૬૯ અને નીચામાં રૂ.૬૭,૬૧૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૫૨૮ વધી રૂ.૭૦,૨૦૪ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૪૧૪ વધી રૂ.૭૦,૧૨૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૧૨ વધી રૂ.૭૦,૧૦૮ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૧,૫૯૪ સોદાઓમાં રૂ.૧૪,૩૫૨.૨૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૩૫ ઘટી રૂ.૨૨૫.૨૦ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૭.૩૫ ઘટી રૂ.૨૯૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૯.૪૦ ઘટી રૂ.૭૭૬.૬૫ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૫ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪,૩૮,૮૫૩ સોદાઓમાં કુલ રૂ.૨૧,૭૬૬.૧૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૬૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૪૦ અને નીચામાં રૂ.૬,૧૮૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૧૬ ઘટી રૂ.૬,૩૧૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૪ ઘટી રૂ.૨૧૧.૪૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬૫૨ સોદાઓમાં રૂ.૨૮.૩૫ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૬.૭૦ વધી રૂ.૧૦૨૫.૮૦ થયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૭,૭૪૨.૦૭ કરોડનાં ૬૫,૭૬૮.૩૩૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪૧,૦૬૧.૩૯ કરોડનાં ૫,૮૮૩.૨૯૭ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૦,૯૭૧.૧૦ કરોડનાં ૧,૭૦,૪૧,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૦,૭૯૫ કરોડનાં ૪ ૮ ૧ ૫ ૩ ૮ ૭ ૫ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૮.૩૫ કરોડનાં ૨૭૭.૯૨ ટનના વેપાર થયા હતા.ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૨૪૩.૩૯૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૩.૫૮૬ ટન, ક્રૂડ તેલમાં ૮૨૭૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૬૦૭૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૨.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૩૪૦.૧૬ કરોડનાં ૪,૨૯૬ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૭૧૦ના સ્તરે ખૂલી, ૧૬૧ પોઈન્ટ વધી ૧૫,૯૦૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૬૫,૪૫૩.૦૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૧૮૪.૫૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૨૯૮.૬૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૫,૩૮૬.૨૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૭,૫૮૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4

## દુનિયાનું સૌથી મોટું કોર્પોરેટ સ્કેમ દેશમાં ચાલી રહ્યું છેઃ જીગ્નેશ મેવાણી



રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી અને વડગામનાં કોંગ્રેસ પક્ષનાં ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે દુનિયાનું સૌથી મોટું કોર્પોરેટ સ્કેમ દેશમાં ચાલી રહ્યું છે. તાજેતરમાં ટ્વીટર પર 'ચોકીદાર હી ચોર હૈ' હેસટેગ ટ્રેન્ડીંગ થઈ રહ્યું છે. હિડનબર્ગ રિપોર્ટને પગલે દેશમાં આર્થિક સંકટ ઉભું થયું છે. અદાણી ગ્રુપના સ્કેમ અંગે સીબી, ઈડી, સીબીઆઈ, આરબીઆઇ કેમ ચૂપ છે. કોંગ્રેસ પક્ષ નાના અને મધ્યમ વર્ગનાં ઉદ્યોગકારો સાથે છે. શેલ કંપનીઓ-ફેક કંપનીઓ ઉભી કરીને કરોડો રૂપિયાની ટેક્ષ ચોરી કરવામાં આવી છે અને શેરમાં રોકાણ કરવામાં આવ્યું છે. દેશની સૌથી વિશ્વસનીય વીમા કંપની દ્વારા ૭૬૦૦૦ કરોડનું અને એસબીઆઈ સહિતની બેંક્રોએ ૮૦૦૦૦ કરોડનું રોકાણ અદાણી ગ્રુપમાં કરવામાં આવ્યું છે. જે રીતે શેર માર્કેટમાં એલઆઈસી અને વિવિધ બેંકોનાં રોકાણનું ધોવાણ થયું છે એ ખૂબ જ ચિંતાનો વિષય છે. ગુજરાતની ભાજપ સરકાર પણ 'મગનું નામ મરી' પાડતી નથી. ગુજરાતનાં રોકાણકારને સાચવવા માટે એક શબ્દ ભાજપ સરકાર ઉચ્ચારતી નથી ત્યારે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે આ સમગ્ર ગોટાળાની તાપસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દ્વારા તાપસ કરવામાં આવે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલભાઈ શાહએ જણાવ્યું હતું કે દેશનાં અને ગુજરાતનાં લાખો લોકોએ પોતાના જીવનની મૂડી સરકારી વીમા કંપની એલઆઈસી અને સરકાર બેંકોમાં રોકાણ કરે છે. અદાણી ગ્રુપના આર્થિક ગોટાળા અને હિડનબર્ગનાં રિપોર્ટ બાદ રોકાણકારોનાં તેમજ સરકારી સંસ્થાઓનાં કરોડો રૂપિયા ધોવાઈ ગયા છે.ત્યારે તારીખ ૬ ફેબ્રુઆરી બપોરે ૧ વાગે કોંગ્રેસ પક્ષ ગુજરાતનાં તમામ જિલ્લા મથકે અને અમદાવાદમાં એલઆઈસી ઓફીસ બહાર ધારણા-પ્રદર્શન કરી વિરોધ કરવામાં આવશે. તારીખ ૭ ફેબ્રુઆરીએ કોંગ્રેસ પક્ષ દ્વારા હાથ સે હાથ જોડો યાત્રાનો શુભારંભ કરવામા આવશે. પદયાત્રાની શરૂઆત સાબરમતી આશ્રમ ખાતેથી કરવામાં આવશે. ગુજરાતમાં વારંવાર પેપર ફૂટવાની ઘટનાના અંગે ગુજરાતનાં યુવાનોને સાથે મળીને લાખો યુવાનોના ભવિષ્ય માટે આ યાત્રામાં યુવાનોની રોજગારીનાં પ્રશ્ને મજબૂતાઈથી ઉજાગર કરવામાં આવશે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી અને પ્રવક્તાશ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

# જડુસ ચોક ખાતે ઓવરબ્રીજ સહિતના રાજકોટના રૂ.૧૪૦ કરોડના વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ - ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરાયું ; ૬૯૦ આવાસોનો ડ્રો સંપન્ન

**★-મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ-★**
**★વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસની અનેક નવી પરંપરા કંડારીઃ ૨૨૦ એ વૈશ્વિક સ્તરે ગુજરાતને અપાવી પ્રતિષ્ઠા★**
**★ગુજરાતના શહેરોને અર્બન- સ્માર્ટ સીટી બનાવવાની દિશામાં આગેકૂચઃ★**
**★શહેરોને પ્રદૂષણ મુક્ત કરવા ગ્રીન મોબીલીટીનો ઉપયોગ કરવો જરૂરી★**
**★રાજકોટ શહેરને રળિયામણું, સ્વચ્છ, સ્માર્ટ બનાવવા સરકાર દ્વારા થઈ રહ્યા છે અનેક વિકાસકામો - રાઘવજીભાઈ પટેલ★**
**★આવાસની ફાળવણી સાથે અનેક જરૂરિયાતમંદ પરિવારોના ઘરના ઘરનું સપનું સાકાર થયું છે – મંત્રીશ્રી ભાનુબેન બાબરિયા★**



રાજકોટ તા.૦૪ ફેબ્રુઆરી - રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના રૂ.૧૪૦ કરોડના વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં થયું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૬૯૦ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો હતો.

વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબોધન આપતાં જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસના નવાયુગનો આરંભ થયો છે. લોકોના જીવનને વધુને વધુ સુખદાયક બનાવવાની દિશામાં સરકાર સતત કાર્યરત છે. ગુજરાતમાં સતત બે દાયકાથી વધુ સમયથી આ વિકાસ યાત્રા ચાલી રહી છે. આજે આ વિકાસ યાત્રા રાજકોટ શહેરવાસીઓ માટે વિકાસની વધુ કેટલીક ભેટ લઈને આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતાપૂર્વક કહયું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એક પણ અઠવાડિયું એવું નહીં હોય કે ક્યાંય વિકાસ કાર્યનું લોકાર્પણ કે ખાતમુહૂર્ત ન થયું હોય. વિકાસની રાજનીતિથી આવા અનેક લોકહિત કામો દ્વારા વડાપ્રધાનશ્રી ભારતને આત્મનિર્ભર-વિકસીત રાષ્ટ્ર બનાવવા પ્રતિબદ્ધ છે. આત્મનિર્ભર-વિકસીત અને ઉન્નત ભારતની આગવી દિશા કંડારતું અમૃત કાળનું અમૃત બજેટ હમણાં જ તેમણે આપ્યું છે. આ વર્ષનું બજેટ સપ્તર્ષિ એટલે કે વિકાસના સાત મુખ્ય આધાર પર વડાપ્રધાનશ્રીએ આપેલું બજેટ છે. ઈક્લુઝિવ ડેવલપમેન્ટ, અંતિમ છૌરના વ્યક્તિ સુધી વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ, યુથ પાવર, ગ્રીન ગ્રોથ, ક્ષમતા ઊજાગર કરવી અને ફાયનાન્સિયલ સેક્ટર એવા સાત મુખ્ય પિલ્લર બજેટમાં ફોકસ કરાયા છે. રાજકોટ મહાનગરે આ સપ્તર્ષિ બજેટના સર્વગ્રાહી-વિકાસ, છેવાડાના માનવી સુધી વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ, ગ્રીન ગ્રોથ એ ચાર બાબતોને આજના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમૂહર્તમાં આવરી લીધા છે. આ માટે મહાપાલિકાના સૂત્રધારોને અભિનંદન પાઠવું છું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, શહેરી હોય કે ગ્રામીણ દરેક વ્યક્તિને પોતાના ઘરનું એક સપનું હોય છે. રોટી, કપડા ઔર મકાન એ પાયાની જરૂરિયાત છે ત્યારે સૌને આવાસ મળે તે માટે આદરણીયશ્રી નરેન્દ્રભાઈએ પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરી છે. આ વર્ષના બજેટમાં સ્કીમ માટે ૬૬ ટકાના વધારા સાથે વધુ ૭૯ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. આના પરિણામે દેશના લાખો જરૂરિયાતમંદ લોકોને પોતીકા આવાસ મળશે. ગુજરાતમાં આપણે ૧૦ લાખથી વધુ મકાનો સ્કીમમાં બનાવીને ૭ લાખથી વધુ તો લાભાર્થીઓને આપી પણ દીધા છે. રાજકોટ મહાનગરમાં આજે વધુ ૫૯૦ EWS અને ૧૦૦ LIG આવાસોનો ડ્રો કરીને લાભાર્થીઓને ઘરનું ઘર આપ્યું છે. આવાસ લાભાર્થીઓને સુખમય જીવનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગૌરવભેર કહ્યું હતું કે,વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આજે ભારત દેશ વિશ્વની પાંચમી મોટી ઈકોનોમી બન્યો છે. ભારત આર્થિક મહાસત્તાઓની અગ્રીમ હરોળમાં આવે, શહેરો-નગરો વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર વાળા બને તેવી નેમ વડાપ્રધાનશ્રીએ રાખી છે. આપણે ગુજરાતમાં તેમના જ માર્ગદર્શનમાં શહેરી સુખાકારી કામોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરીને અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચર વધુ સુવિધાયુકત બનાવ્યું છે. ભારતને ૭-૨૦ નું યજમાન પદ મળ્યું છે અને તેમાંની ૧૫ બેઠકો તથા અર્બન-૨૦ ની બેઠકો ગુજરાતમાં યોજાવાની છે. આ જી-૨૦ આપણા શહેરોના અર્બન ઈન્ફ્રાસ્ટ્રકચરને વિશ્વના દેશો સમક્ષ શૉ કેસ કરવાનો અવસર બનશે. રાજકોટ શહેર અને રૂડા એ આજે ફલાય ઓવર તથા રિંગ રોડ ડેવલપમેન્ટ જેવા રૂ. ૧૦૫ કરોડના ઈન્ફ્રાસ્ટ્રકચર કામોના લોકાર્પણથી એ દિશામાં એક વધુ કદમ ભર્યુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે બજેટનો વધુ એક સ્થંભ ગ્રીન ગ્રોથ છે. વડાપ્રધાનશ્રીએ બિનપરંપરાગત ઊર્જા, ગ્રીન-કલીન એનર્જીના વધુને વધુ ઉપયોગ માટે સૌને પ્રેરિત કર્યા છે. આ બજેટમાં તેમણે ગ્રીન ગ્રોથની હિમાયત કરી છે. નગરોમાં પ્રદૂષણ રહિત, પર્યાવરણ પ્રિય, ગ્રીન મોબિલિટી એટલે કે અર્બન ટ્રાન્સપોર્ટેશનમાં ગ્રીન ગ્રોથના ઉપયોગથી ગુજરાત ગ્રીન-કલીન રાખવાની આપણી પણ નેમ છે. વધુને વધુ ઈ-વાહનોનો ઉપયોગ એ માટેનો ઉત્તમ ઉપાય છે. રાજકોટ મહાનગરપાલિકાએ અત્યાર સુધીમાં ૫૦ ઈ-બસ પરિવહન સેવામાં મુકેલી છે. ૨૦૨૩ના વર્ષમાં વધુ ૧૦૦ ઈ બસ રાજકોટમાં દોડતી થઈ જવાની છે. આ ઈ-બસ સેવાની બસની બેટરી ચાર્જિંગ માટેની સુવિધાઓ પણ વિસ્તારતા જઈએ છીએ. રાજકોટમાં વધુ એક ઈ ચાર્જિંગ સ્ટેશન અંદાજે ૮ કરોડના ખર્ચે નિર્માણ પામવાનું છે તેનું ખાતમૂહર્ત આજે કર્યુ છે.શહેરોના લોકોનું જનજીવન વધુ સુવિધાયુકત બને, ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે આ સરકાર સતત પ્રયત્નશીલ છે. સિટી લીડર્સ કોક્લેવ યોજીને સરકાર અને શહેરી સત્તાતંત્ર સાથે બેસીને વિકાસ કામોના આયોજન, મનોમંથન અને ચિંતન કરે છે.

કૃષિ અને પશુપાલન વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું હતું. સૌરાષ્ટ્રના કેન્દ્ર સમા રાજકોટ શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે રૂ.૧૪૦ કરોડના વિકાસ કામો અવિરતપણે થઈ રહ્યા છે. શહેરને રળિયામણું, સ્વચ્છ અને સુખાકારી માટેના મનપા તંત્ર દ્વારા સંનિષ્ઠ પ્રયાસો થઈ રહ્યા છે. શહેરમાં આંતર માળખાકીય સુવિધા વધે તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર કામ કરી રહી છે. જેથી દેશ અને રાજયનો વિકાસ વધ્યો છે. રાજકોટમાં ૧૦૦ નવી ઈલેક્ટ્રીક બસ ચાલી રહી છે. ઘર વિહોણા લોકોને ઘરના ઘર મળી રહયા છે. ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે શહેરમાં અનેક સ્થળોએ બ્રીજ બન્યા છે.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે મુખ્યમંત્રી ગુજરાતના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. રાજકોટ મનપા અને રૂડા દ્વારા પણ વિકાસની કેડી ઉપર ચાલી રહી છે. શહેરની સર્વાંગી પ્રગતિ થઈ રહી છે.

આવાસની ફાળવણી થતાં રાજકોટના અનેક પરિવારોને આજે ઘરનું ઘર પ્રાપ્ત થનાર છે.

આ તકે રાજકોટના મેયર ડો. પ્રદીપ ડવે કહ્યું હતું કે, રાજકોટની પ્રજાને આજ અનેક વિકાસ કામોની ભેટ મળી રહી છે.

શહેરની ટ્રાફિકની સમસ્યા હલ થાય તે માટે અનેક ઓવરબ્રીજ બનાવ્યા છે. આ તકે સ્વાગત પ્રવચન રાજકોટના મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરાએ કર્યું હતું.

રાજકોટ શહેરના વિવિધ વિકાસ કામોના થયેલા લોકાર્પણ અને ખાતમુહૂર્ત જોઈએ તો, રૂ. એક કરોડના ખર્ચે રેલનગર મેઈન રોડ પોપટપરામાં બંને સાઈડ ફૂટપાથ બનાવવાના કામનું તથા રૈયા મુક્તિધામ ખાતે રૂપિયા ૦૪ કરોડના ખર્ચે બનનારા આધુનિક ઈલેક્ટ્રીક નવા સ્મશાન કામનું ખાતમુહૂર્ત થયું હતું. રૂ. ૨૮.૫૨ કરોડના ખર્ચ ખાતે બનેલ ફલાય ઓવર બ્રિજનું લોકાર્પણ થયું હતું. પ્રધાનમંત્રી આવાસ અન્વયે ૫૯૦ આવાસોનો ડ્રો તેમજ મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે બનેલા ૧૦૦ આવાસોનો ડ્રો થયો હતો. રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગોંડલ હાઈવે થી ભાવનગર હાઈવે અને ભાવનગર હાઈવે થી અમદાવાદ હાઈવે સુધીના રૂ. ૭૭.૧૯ કરોડના કામ પૂર્ણ થતા તેના લોકાર્પણ પણ કરાયા હતા.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા,ધારાસભ્યશ્રીઓ દર્શીતાબેન શાહ અને ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, હાઉસીંગ સમિતિના ચેરમેન શ્રી વર્ષાબેન રાણપરા, લાઈટીંગ સમિતિના ચેરમેનશ્રી જયાબેન ડાંગર, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી ડો.રાજેશ્રી બેન ડોડીયા, બાંધકામ સમિતિના ચેરમેનશ્રી કેતન પટેલ , રાજકોટના પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, રાજકોટ જિલ્લાના અગ્રણીશ્રીઓ કમલેશભાઈ મીરાણી,કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, વિનુભાઈ ઘવા, ભાનુબેન સોરાણી, સુરેન્દ્રસિંહ વાળા સહિતના મહાનુભાવો, કોર્પોરેટરો ઉપસ્થિત હતા.

## ગુજરાતના સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશઃ૧૪૦૦ કરોડથી વધુના સટ્ટાનો હિસાબ ક્રાઈમ બ્રાન્ચને મળ્યો

અમદાવાદ,તા.૪

ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાસ્ટ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કર્યો છે. આ સટ્ટાનો હિસાબ એક શહેરના કુલ બોર્ડના બજેટથી પણ વધારે છે. કોઈ પણ આ સાંભળીને ચોંકી જશે, પણ આ વાત સાચી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરી તો જાણવા મળ્યું કે, ગુજરાતના બે મોટા બુકી રાકેશ રાજદેવ (ઉર્ફે-આર. આર.) અને ટોમી પટેલ ઉર્ફે ઊંઝાની સર્કિટમાં એક સિઝનમાં ૧,૪૦૦ કરોડ રૂપિયાનો સટ્ટો ખેલાયો છે. જેનો હિસાબ પણ મળી ગયો છે. આ મોટા ગજાના શખ્સો દુબઈમાં આલીશાન જિંદગી જીવે છે, વિલામાં રહે છે, સૌથી મોંઘો દારૂ પીવે છે અને તમામ હદ વટાવે છે. ત્યારે હવે બુકીઓ સામે પૈસા ટ્રાન્સફર વિદેશમાં કરાયા હોવાની વિગતો પણ સામે આવી છે. ત્યારે આરોપીઓ સામે ફ્રીઝ નોટિસ જાહેર કરવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ છે તૈયારીઓ કરી લીધી છે.

ક્રિકેટ રમાય એટલે સામાન્ય રીતે કોણ હાર છે અને કોણ જીતશે તેનો સટ્ટો રમાય છે. પણ દરેક બાબતમાં જો સટ્ટો રમાડતા બુકીઓની પણ ગુજરાતમાં કમી નથી. આ શખ્સો અલગ અલગ સર્કિટમાં કામ કરે છે. કદાચ જીતુ થરાદની સર્કિટ હોય અથવા આર. આર.ની સર્કિટ દરેકની સર્કિટમાં જોડાયેલા પંટર અને સટોડીયાઓ સટ્ટો રમવામાં ચૂકતા નથી. હવે આ સટ્ટાનું રૂપ ટેકનોલોજીમાં કન્વર્ટ થઈ ગયું છે. જે પહેલા બોલતી બોબડી લાઈનથી ક્રિકેટ રમાડતા હતા. તેમાં ખાસ કરીને હવે મોબાઈલ એપ્લિકેશન મારફતે એકાઉન્ટ ખોલાવીને સટ્ટો રમાય છે. જેમાં સટોડીયાને ક્રેડિટ આપવામાં આવે છે. અથવા હાર-જીત બાદ એક એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવતા હોય છે. અથવા એડવાન્સ રૂપિયા પણ જમા થતા હોય છે. પરંતુ આ તમામ હિસાબ ભારતમાં નહીં પણ એક રીતે મની લોન્ડરિંગ કહી શકાય તેમ વિદેશમાં જાય છે. એ હવાલા હોય કે ઓનલાઇન ટ્રાન્સફર હાલ સટ્ટા બજારનું આખું નેટવર્ક અલગ રીતે ચાલે છે.

ગુજરાતમાં ક્રિકેટ સટ્ટા પર અનેક લોકો દાવ ખેલતા હોય છે. જેમાં સૌથી મોટા બુકી ગુજરાતના હોય છે, જે વિદેશની ધરતી પર પૈસા ટ્રાન્સફર કરાવે છે. જેમાં એક વ્યક્તિનું અથવા કોઈ ડમી નામનું એકાઉન્ટ હોય છે. જે એકાઉન્ટ દુબઈ કે કોઈ અલગ જગ્યાએ હોય છે. જેમાં સટ્ટાનો હિસાબ ટ્રાન્સફર થાય છે. આ રૂપિયા વિદેશમાં ગયા પછી બુકી તે રૂપિયાથી ઐયાસી કરે છે.બુકીઓ વિશે જાણકારી રાખતા પોલીસ અધિકારીઓ દિવ્ય ભાસ્કર સાથેની વાતમાં જણાવે છે કે, આ બુકી ડમી એકાઉન્ટ બનાવે છે, જે એપ્લિકેશન સાથે કનેક્ટ હોય છે અને એકાઉન્ટમાં રૂપિયા જમા થાય છે.

ગુજરાતમાંથી હવાલા દ્વારા ટ્રાન્જેક્શન થાય છે. રોજના ૫થી ૭ કરોડ એક લાઇનના હોય છે, જે અલગ અલગ બુકીના હોય છે. હંમેશા બુકીઓ જ પ્રોફિટમાં હોય છે, ક્યારેય કોઈ સ્ટોડીયો કમાયો નથી. આ બુકીઓના રિકવરી એજન્ટ પણ કરોડો કમાય છે અને તે ટપોરી જેવા લોકો હોય છે.

## આચાર્ય લોકેશજીને 'કબીર કોહિનૂર સન્માન'થી સન્માનિત કરાશે

**આચાર્ય લોકેશજી કબીર જેવા ક્રાંતિકારી વિચારોથી સમૃદ્ધ છે -સંત શ્રી નાનક દાસજી**
**આચાર્ય લોકેશજીને એવોર્ડ એનાયત થવો એ એવોર્ડનું પોતાનું જ સન્માન - સંત શ્રી નાનક દાસજી**



અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીને તેમના માનવતાવાદી, સામાજિક કાર્ય અને ધર્મ દ્વારા વિશ્વ કલ્યાણ માટે નવી દિલ્હીમાં ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે 'કબીર કોહિનૂર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે. ૫ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ "સદગુરુ કબીર આશ્રમ સેવા સંસ્થાન" દ્વારા સમારોહનું આયોજન કરવામાં આવશે. એવોર્ડ વિશે માહિતી આપતા સંત શ્રી નાનકદાસજી મહારાજે જણાવ્યું હતું કે, જાણીતા લેખક, વિચારક અને ગતિશીલ વક્તા આચાર્ય લોકેશજી સંત કબીરજી જેવા ક્રાંતિકારી વિચારોથી સમૃદ્ધ છે, આચાર્ય લોકેશજી એ ધર્મના ક્ષેત્રમાં પ્રચલિત રૂઢિચુસ્ત પરંપરાઓ, ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓનો નાશ કર્યો છે. ધર્મને આધ્યાત્મિકતા સાથે જોડ્યો છે અને તેને સામાજિક દુષણોના નિવારણ માટેનું માધ્યમ બનાવ્યું છે. આચાર્યશ્રી લોકેશજીએ તેમના જીવનમાં ૨૦૦૦૦ કિલોમીટર પગપાળા ચાલીને સામાજિક બદીઓ નાબૂદીનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે, આચાર્ય લોકેશજીને એવોર્ડ એનાયત કરીને એવોર્ડ પોતે સન્માનિત થશે. વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડૉ. લોકેશજીએ જણાવ્યું હતું કે સંત કબીરદાસજી જેવા સંતો સદીઓ અને હજારો વર્ષોમાં એક જ વાર જન્મ લે છે. તેમણે તેમના ક્રાંતિકારી વિચારોથી માનવ સમાજને વૈજ્ઞાનિક દ્રષ્ટિ આપી હતી, સંત કબીરે બતાવેલા માર્ગ પર ચાલીને આપણો સમાજ જીવંત અને ઉર્જાવાન બની શકે છે.

### 'પૈસાની નહીં પીવાના પાણી માટે ભીખ

## ગોધરામાં પીવાના પાણી માટે ૬૦૦ ઘરની મહિલાઓ રણચંડી બની

પંચમહાલ,તા.૪

ગોધરા નગર પાલિકાની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ હોવાના પગલે પાલિકા સત્તાધીશોએ ગોધરા શહેર વિસ્તારમાં આવેલા ૧૮ પાણીના કુવા મારફતે પાણી પહોંચાડવામાં આવતું બંધ કરતા શહેરીજનોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે. જેના કારણે આજે મોદીની વાડીમાં રહેતા સ્થાનિક મહિલાઓ રણચંડી બની ઘરની બહાર નીકળી પાણી માટે ભીખ માંગી રહી છે અને કહી રહી છે કે, પાણી આપો પાણી આપો નગરપાલિકા અમને પાણી આપો.

ગોધરા ભાજપ શાસિત નગરપાલિકાની સામાન્ય સભામાં શહેરના વિવિધ વિસ્તારોમાં કુવા મારફતે આપવામાં આવતું પાણી બંધ કરવાનો નિર્ણય લીધો હતો. જેના પગલે હવે નગરજનોને પાણીની તંગી સર્જાતા શહેરીજનોનો ઉગ્ર વિરોધ સામે આવ્યો છે. શહેરીજનોનો આક્ષેપ છે કે, પાલિકાના સત્તાધીશોએ ખરેખર જો પાલિકાની આર્થિક પરિસ્થિતિ સુધારવી હોય તો પહેલા તો ધોળે દિવસે ચાલતી સ્ટ્રીટ લાઈટો બંધ કરાવવી જોઈએ જેનાથી વીજ બિલની બચત થશે. ગોધરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં અંદાજિત ૧૮ કુવાઓ મારફતે આપવામાં આવતું પાણી બંધ કરવામાં આવતા શહેરીજનોનો રોષ અને જેમાં પણ ખાસ કરી મહિલાઓ આકરા પાણીએ છે. વોટ લેવા માટે આવતા સભ્યો પણ પાણી બાબતે બોલવા માટે તૈયાર નથી. જેને લઈને શહેરીજનોમાં પાલિકાના આ નિર્ણયનો વિરોધ જોવા મળી રહ્યો છે.આ બાબતે પાલિકા પ્રમુખે પાલિકાની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. ખાસ કરીને ગોધરા શહેરની વાત કરવામાં આવે તો ગોધરા શહેરના ઘણાખરા વિસ્તારો એવા છે કે જયાં નગરપાલિકા દ્વારા આપવામાં આવતું પાણી પહોંચતું નથી અને પૂરતું પ્રેસર ન હોવાથી પૂરતા પ્રમાણમાં પાણી લોકોને મળતું નથી. ત્યારે સ્થાનિકો અલગ અલગ વિસ્તારમાં આવેલા કુવા મારફતે અપાતા પાણીનો ઉપયોગ કરતા હતા, પરંતુ હવે પાલિકાએ જ કૂવાનું પાણી બંધ કરાવી દેતા ગોધરામાં પાણી ન મળતું હોવાની ફરિયાદો ઉઠી છે.ગોધરા શહેરના મોદીની વાડી નંબર ૧, ૨, ૩માં છેલ્લા ૨૦ દિવસથી પીવાનું પાણી આવતું નથી. જેના કારણે ત્યાં રહેતા ૬૦૦ મકાનના સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. મોદીની વાડીમાં જે કૂવો આવેલો છે તેમાંથી રોજબરોજ પાણીનો વપરાશ કરતા હતા, પરંતુ તે પણ કૂવામાં લગાવેલી મોટર નગરપાલિકા દ્વારા કાઢીને લઈ જતા આજે અમારે પાણી માટે વલખાં મારવા પડે છે. જયારે વેરા ઉઘરાવવાના હોય ત્યારે તાત્કાલિક વેરા વસૂલાત કરવામાં આવે છે ત્યારે કેમ પીવાનું પાણી સમયસર આપવામાં આવતું નથી.

## લાકડાં વિણવા ગયેલા દેરાણી જેઠાણીના ગળા કપાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા અનેક તર્ક વિતર્ક

અમદાવાદ,તા.૪

લાકડાં વિણવા ગયેલા દેરાણી જેઠાણીના ગળા કપાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા અનેક તર્ક વિતર્ક, પોલીસે પગેરૂ સાધવાની શરૂઆત કરી

ગત મોડી સાંજે અમદાવાદના કણભામાં આવેલા ઝાણું ગામની સીમમાંથી બે મહિલાઓની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળ્યા છે. લાકડા એકઠા કરવા નીકળેલા દેરાણી-જેઠાણી પરત ઘરે ન ફરતા પોલીસને બનાવ અંગે જાણ કરવામાં આવી હતી. બંને મહિલાઓને તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

આ બંને મહિલાઓ ભૂવાલડી ગામની રહેવાસી હોવાનું સામે આવ્યું હતું. આ મહિલાઓ લાકડા કાપવા માટે ભૂવાલડીથી નીકળી હતી, પરંતુ ખૂબ જ મોડું થયા બાદ પણ બંને દેરાણી -જેઠાણી ઘરે પાછા ન ફરતા પરિવારજનો દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં બંને મહિલાઓની તિક્ષ્ણ હથિયારના અનેક ઘા મારી હત્યા નિપજાવેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. હાલ પોલીસે સમગ્ર બનાવને લઈ તપાસ હાથ ધરી છે. અમદાવાદ ગ્રામ્યની પોલીસ દ્વારા સીસીટીવી તેમજ પરિવારજનોની વિગતો લઈને આ ડબલ મર્ડર અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લાના કણભામાં આવેલા સતીમાતાના ફળીયામાં રહેતા દેરાણી ગીતાબેન ઠાકોર (ઉ.વ.૪૭) અને જેઠાણી મંગુબેન ઠાકોર (રહે.ઉ.વ.૬૦) શુક્રવારે બપોરે પોતાના કામથી પરવારીને ગામની નજીકમાં આવેલી ગૌચર જમીન અને આસપાસના ખેતરમાં લાકડા એકઠા કરવા માટે ગયા હતા પરંતુ, મોડી સાંજ સુધી તેઓ ઘેર પરત ન આવતા પરિવારજનોએ તપાસ શરૂ કરી હતી.

જેમાં ગૌચર જમીન પર બંનેના મૃતદેહ મળી આવ્યા હતા. જેમાં તેમના ગળા પર તિક્ષણ હથિયારથી ઈજાઓ થઇ હતી. જો કે આસપાસ કોઇ વ્યક્તિ મળી આવ્યા નહોતા.

જે અંગે પોલીસને જાણ કરવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને તપાસ શરૂ કરી છે. જેમાં ડોગ સ્કોવ્ડ અને એફએસએલના અધિકારીઓની મદદ લઇને તપાસ કરવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.